# સહજ-સત્સંગ

અંક : ૨૫૫ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા માર્ચ : ૨૦૧૦



વામનાવતાર



**મા મિરાંમ્બિકા**

જીવન પથ પ્રદર્શિનિ, માતૃપ્રેમ પ્રદાયિનિ।
ઈશ-પ્રેમ પ્રલોધિનિ, યોગમાર્ગ - સુદર્શિનિ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૯-મે-૧૯૧૪)

હે મારા મધુર ગુરુ, જે લોકો તારા મસ્તકમાં આવી રહેલાં છે, એટલે કે વધારે બૌદ્ધિક રીતે કહીએ તો, જે લોકોએ પોતાની ચેતનાને પેલી પરમ ચેતના સાથે એકરૂપ કરી દીધેલી છે, જે લોકો તારા પરમ જ્ઞાનરૂપે બની ગએલાં છે, તેમને પછી તારા માટે કોઈ પ્રેમ રહી શકતો નથી, કેમ કે તેઓ તારા રૂપે જ બની ગએલાં હોય છે. તેઓ તારા પરમતત્ત્વની અંદર પ્રવેશ થતાં મળનારાં અનંત પરમાનંદને માણી રહેલા હોય છે, પરંતુ પોતાનાથી ઉપર આવેલી કોઈ વસ્તુ પ્રત્યે તીવ્ર આનંદપૂર્વક અભિમુખ બનેલાં ભક્તની જે ભક્તિ હોય છે તે હવે તેમનામાં રહી શકતી નથી....

..... જે વ્યક્તિને તારા પ્રેમનો આવિર્ભાવ કરવાનું મહાકાર્ય પૃથ્વી ઉપર મળેલું હોય છે તેને તું આવિર્ભાવ પામેલા સારાયે વિશ્વ પ્રત્યે એક વિશુદ્ધ અને અનંત પ્રેમ ધારણ કરવાનું જ્ઞાન આપે છે, જે પ્રેમ પ્રથમ આરાધના અને અહોભાવનો બનેલો હતો તે હવે નરી કરુણા અને ભક્તિભાવના બનેલાં પ્રેમમાં પલટાઈ જાય છે.....

* * *

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રેમભાવ) | ૧ |
| **દૈનિક જીવનમાં યોગસાધના : કર્મ (૫)** (સામૂહિક જીવનમાં કર્મ) | ૪ |
| **માતૃવાણી** (યોગ અને કળા) | ૯ |
| **ગીતાનિબંધો** (ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ) | ૧૨ |
| **માનવવિકાસ ચક્ર** (સામાજિક વિકાસનો આદર્શ - ૩) | ૧૯ |
| **સાવિત્રી** (અભીપ્સાનું મહત્ત્વ) | ૨૧ |
| **યોગ વિષે પત્રો** (કેન્દ્રસ્થ સ્વરૂપ) | ૨૫ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (ઉપનિષદોનું પ્રજ્ઞાજ્ઞાન) | ૨૮ |
| **યોગમાર્ગનો સમન્વય** (પ્રકૃતિનાં ત્રણ પગલાં) | ૩૧ |
| **અરવિન્દોપનિષદ** (દુઃખ એટલે અવ્યક્ત-આનંદ) | ૩૪ |
| **રાષ્ટ્રીય શિક્ષણ** (નૈતિક શિક્ષણ) | ૩૬ |
| **સુંદર કથાઓ** (કાગજી પંડીત) | ૩૯ |
| **આગામી-ભાવિ** (એકાંતનું આધ્યાત્મિક મહત્ત્વ) | ૪૦ |
| **ઉપનિષદોનું અમૃત** (અશ્વમેધ વિદ્યા) | ૪૧ |
| **વેદવિજ્ઞાન** (નાસદીય સૂક્ત) | ૪૩ |
| **સર્વાંગી આરોગ્ય** (પૂર્ણયોગમાં શરીરનું મહત્ત્વ) | ૪૫ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૫૫ વર્ષ : ૨૨
માર્ચ - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રેમભાવ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી જ્ઞાનમાર્ગીઓને પ્રભુના મસ્તકમાં રહેનારા તરીકે વર્ણવે છે. તેઓ જ્ઞાનના જોરે પ્રભુની ચેતના સાથે એકરૂપ થઈ ગએલાં હોય છે. તેઓ વ્યક્તિ ચેતના અને પરમ ચેતનાની એકરૂપતા જાણી ચૂકેલાં હોય છે, તેથી પરમજ્ઞાન સ્વરૂપ બની ગએલાં હોય છે.

પ્રેમમાં બે વ્યક્તિની જરૂર પડે છે. એક પ્રેમ કરનાર, બીજી પ્રેમને ઝીલનાર. પણ અહીં તો પરમ-એકરૂપતા આવી ગએલી હોય છે, તેથી તેવા પ્રેમની શક્યતા ત્યાં રહેતી નથી (તેમનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ પોતે પોતાના ઉપર પ્રેમ કરે છે એવા ભાવનો હોય છે. ત્યાં કરુણાભાવ હોતો નથી અને ભક્તિભાવ પણ હોતો નથી) તેઓ પ્રભુની ચેતનામાં પ્રવેશીને પરમાનંદને ભોગવતા હોય છે.

ભક્તની ભૂમિકા જુદી જ હોય છે. તે પ્રભુ સાથે એકરૂપ થઈ ગયો હોવા છતાં દ્વૈતમાં રહે છે અને પોતાને વ્યક્તિ ચેતનામાં અને વૈશ્વિક ચેતનારૂપે પ્રભુને ઊર્ધ્વમાં રહેલ ગણીને તેની સાથે તીવ્ર પ્રેમનો સંબંધ બાંધે છે. પોતે અહર્નિશ પ્રભુની કૃપા અને કરુણા ઉપર જ આધારિત છે એવું અનુભવે છે.

આવી શરણાગતિનો ભાવ જ્ઞાનીમાં હોતો નથી.

ભક્ત સમગ્ર સૃષ્ટિમાં પ્રભુની લીલા જોતો હોય છે, વ્યક્તિ સ્વરૂપો દ્વારા પ્રભુ જ આવિર્ભાવ પામી રહ્યાં છે એવો તેનો ભાવ હોય છે અને તેથી તે જગત ઉપર પણ નિતાંત પ્રેમ વર્ષાવતો હોય છે.

ભક્ત આ રીતે જગતસ્વરૂપ પ્રભુને આરાધવાનું કામ શરૂ કરે છે. તેની દ્વારા જ પ્રભુનો દિવ્ય - પ્રેમ જગતમાં પ્રગટ થઈ શકે છે. તેમને તે દિવ્ય-પ્રેમને પ્રગટ કરવાનું કાર્ય સોંપેલું હોય છે.

આ જગત પ્રત્યેના પ્રેમના બે તબક્કાઓ માતાજી જણાવે છે- પ્રથમ તબક્કામાં ભક્તિમય આરાધના જણાતી હોય છે. પ્રભુ પ્રત્યે અહોભાવ હોય છે. પોતાની નબળાઈઓની સભાનતાને કારણે તે પોતાને કિંકર સમજતો હોય છે. તે જ અહોભાવ નિર્માણ કરે છે.

બીજા તબક્કામાં પ્રભુએ તેને જે દિવ્ય-પ્રેમનો આસ્વાદ ચખાડ્યો છે તે જગતમાંનાં બધાને પ્રાપ્ત થાય માટે તેના હૃદયમાં લોકો પ્રત્યેનો કરુણાભાવ જાગે છે. તેમને પ્રભુ સ્વરૂપ ગણી ભક્તિભાવ પણ જાગે છે અને આ કરુણાભાવ અને ભક્તિભાવથી ભરપૂર જગતસ્વરૂપ પ્રભુ પ્રત્યેનો દિવ્યપ્રેમ તેને લોકો માટે પ્રભુના નિમિત્ત બનીને કાર્ય કરવા પ્રેરે છે.

રામકૃષ્ણ ઠાકુર કહેતા અમૃત બનવા કરતાં (જ્ઞાની બનવા કરતાં) અમૃત ચાખનાર કીડી (ભક્ત) બનવું સારું છે.

# દૈનિક જીવનમાં યોગસાધના (કર્મ - ૫)

- જ્યોતિબેન થાનકી

## સામૂહિક જીવનમાં કર્મ

સામાન્ય રીતે યોગસાધનામાં ધ્યાન - પ્રાર્થના, મનન, વાચન, ચિંતન વગેરેનો સમાવેશ થાય છે. આ બધું મનુષ્યે પોતે એકલાએ જ કરવાનું હોય છે. પરંતુ જ્યારે કર્મ દ્વારા સાધના કરવાની વાત આવે છે, ત્યારે મનુષ્યે બીજાના સંપર્કમાં આવવું પડે છે. બીજાઓ સાથે કામ કરનારાઓની પ્રકૃતિ અલગ અલગ હોવાથી સામૂહિક ક્ષેત્રે કામ કરવામાં ઘણી સમસ્યાઓ ઉદ્‌ભવતી જોવા મળે છે. શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીમાં પણ સામૂહિક રીતે કામ કરવાનું હોવાથી ત્યાં પણ માનવપ્રકૃતિમાંથી ઊઠતી અનેક સમસ્યાઓ જોવા મળતી હતી. શ્રીમાતાજી દરેક સમસ્યાઓના વ્યવહારમાં અમલ કરી શકાય તેવા આધ્યાત્મિક ઉકેલો આપતાં, જે ઉકેલો આજે પણ સામૂહિક જીવનના કાર્યક્ષેત્રમાં માર્ગદર્શન પૂરું પાડે છે.

**સહકાર્યકરો સારી રીતે કામ ન કરે તો શું કરવું ?**

આપણે તો આપણાથી શક્ય તેટલી શ્રેષ્ઠ રીતે પૂરી ચોકસાઈ રાખીને કામ કરતાં હોઈએ. કામમાં સહેજ પણ કચાશ ન દાખવતાં હોઈએ, પણ સાથે કામ કરનારાઓ જો પ્રમાદી, બેદરકાર, જેમ તેમ કાર્ય પૂરું કરી નાખવાની ભાવનાવાળા હોય, તો આપણને તેના ઉપર ભારે ગુસ્સો આવે તે સ્વાભાવિક છે અને જો આપણે તેમના ઉપર ગુસ્સે થઈએ તો કામ વધારે બગડે છે, કેમ કે તેથી તેઓનાં મન બગડે છે પણ તેમનામાં વિદ્રોહની ભાવના જાગે તે પહેલાં આપણે આપણા ગુસ્સા ઉપર કાબૂ મેળવી લેવો જોઈએ. શ્રીમાતજી કહે છે કે ''એ તમારી પ્રાણમય પ્રકૃતિનો ભાગ છે, જે ઉપર તરી આવે છે, એ વખતે સમતા રાખવી, શાંત અને સ્થિર રહેવું. જો એ લોકો કાર્યના માળખામાં રહીને કામ કરતા હોય તો જરાય વિચલિત થયા વગર, સ્થિરતાપૂર્વક, પરિસ્થિતિથી વાકેફ કરીને માયાળુતાથી તેમને સમજાવવા.'' પરંતુ કોઈને ઉતારી પાડવા, જાહેરમાં ઠપકો આપી તેમની ક્ષતિઓ બધાંની સમક્ષ ખુલ્લી કરવી એ હીન વલણ છે. તો બીજી બાજુ આવડત ન હોય છતાં પણ પાનો ચઢાવી કામ કઢાવી લેવું એ પણ ખોટું વલણ છે. આથી અહંભાવ પુષ્ટ થાય છે. પછી એ વ્યક્તિ ક્યારેય સાચું કામ શીખી શકતી નથી. શ્રીઅરવિન્દે એક સાધકને જણાવ્યું હતું, ''બીજામાં કઈ વસ્તુ સારી છે, તેનો લાભ લેવા

માટે, અને તેમની ભૂલો, દોષો અને ક્ષતિઓ સાથે કુશળતાપૂર્વકના દૃષ્ટિબિન્દુથી કામ લેવું એ જ ઉત્તમ માર્ગ છે.''

પોતાના હાથ નીચેના કર્મચારીઓ સારી રીતે કામ કરી શકે, એમની આંતરશક્તિઓ વિકસે અને તેમનો કાર્યોમાં સારી રીતે ઉપયોગ થાય એ માટે ઉપરી - અધિકારીઓની આવડત, સૂઝ અને એમની ઊંચી આંતરિક સ્થિતિ હોવી જરૂર છે. ખાસ તો ઉપરી - અધિકારીના હાથ નીચેના કર્મચારીઓ પ્રત્યેના માયાળુ વર્તન ઉપર ઘણો મોટો આધાર રહે છે. હાથ નીચેના કર્મચારીઓ સારી રીતે કામ કરે એ માટે કોઈ જડ નિયમો બનાવી શકાતા નથી. કેમ કે દરેકની કૃતિ અને કામ કરવાની રીત અલગ જ હોય છે. આથી ઉપરીએ પોતાની આંતરસૂઝ દ્વારા જ કાર્ય કરવું જોઈએ અને પોતાના આંતરિક પ્રભાવનું શાંત દબાણ એમની ચેતના ઉપર મૂકીને તેઓને કાર્યમાં પ્રેરવા જોઈએ.

**સહકાર્યકરો સંમત ન થાય ત્યારે શું કરવું?**

સામૂહિક કાર્યોમાં ઘણીવાર જ્યારે સર્વસંમતિ ન સધાય, ત્યારે કાર્યોમાં વિલંબ થાય છે. તેવે વખતે શું કરવું જોઈએ? એમની પાસે પરાણે કાર્ય કરાવવું કે પછી કાર્યમાં વિલંબ થવા દેવો ? આ સંદર્ભમાં શ્રી અરવિન્દે જણાવ્યું છે કે ''સહયોગ અને પરસ્પરની ગાઢ શુભનિષ્ઠા સારાં કાર્યો માટે અનિવાર્ય છે.'' સંવાદિતાના વાતાવરણમાં જે કાર્યો થાય છે, તે ઉત્તમ રીતે જ થાય છે. પણ સામૂહિક કાર્યોમાં ભાગ્યે જ સર્વ સંમતિ મળતી હોય છે, તો શું કરવું ? આ વિષે પણ તેમણે જણાવ્યું હતું કે ''સામૂહિક કાર્યમાં, વિચારોમાં, લાગણીઓમાં, કાર્યોમાં, વિભિન્નતાના મુદ્દાઓને પકડી રાખવા કરતાં, જે સહમતિના મુદ્દાઓ હોય તેને પ્રાધાન્ય આપવું, જેમાં એકતા હોય તેને અગત્યતા આપવી અને અલગતા સર્જતી બાબત હોય તેની ઉપેક્ષા કરવી.'' આમ કરવાથી સંવાદિતા સ્થપાય છે અને પછી દૃઢ બને છે - આ માટે ઉપરીએ પોતાના અંગત વિચારો, અભિપ્રાયો અને પસંદગીથી ઉપર ઊઠવું જોઈએ. તેમ જ સર્વના હિતનો વિચાર કરીને નિર્ણય લેવો જોઈએ. શ્રી માતાજી કહે છે કે જે ગુણો તમારામાં ન હોય તેની માગણી તમારે બીજા પાસે કરવી જોઈએ નહીં. બીજા પાસે આપણે જે અપેક્ષા રાખતા હોઈએ તે પહેલાં આપણે બનવું જોઈએ. ''પ્રાણમય અહંકાર, મહત્ત્વાકાંક્ષા, કાર્ય માટે બાંધેલા દૃઢ મનોમય ખ્યાલો અને મિથ્યાભિમાનને લઈને મુશ્કેલી સર્જાય છે. આથી વ્યક્તિએ બીજાની ભૂલોને સુધારવાનો આગ્રહ રાખવાને બદલે પોતાની અંદર રહેલી ભૂલો સુધારવી જોઈએ.''

**બીજાંઓ કાર્યની ટીકા કરે ત્યારે શું કરવું?**

ઘણી વખત બીજા માણસો આપણા કામની ટીકા કરે તેથી આપણે ખળભળી જઈએ

છીએ. પછી કામ સારું થતું નથી તો શું કરવું? આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે, ''કોઈ તમારી ભૂલો બતાવે, તમારી અપૂર્ણતાઓ તરફ ધ્યાન દોરે તો તેને તમે આવકારતાં શીખો. જેટલાં પ્રમાણમાં તમે તેને સ્થિર રહીને આવકારશો, તેટલા પ્રમાણમાં તમારી પ્રગતિ ઝડપી થશે.'' બીજાંઓની ટીકા તો આપણને પૂર્ણતા પ્રત્યે લઈ જવામાં મદદરૂપ થાય છે આથી એમનો આભાર માનવો જોઈએ. શ્રી માતાજી વધુમાં એમ પણ કહે છે કે ''બીજાંઓ શું કહે છે અને કરે છે તેના ઉપર ધ્યાન આપવાને બદલે દરેકે પોતાના કાર્યમાં જ એકાગ્રતા કરવી જોઈએ અને બને તેટલું સારી રીતે કામ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.''

**ઉપલા અધિકારીઓ અને નીચેના કર્મચારીઓના વર્તન પરસ્પર વિસંવાદી હોય તો શું કરવું?**

સામૂહિક જીવનમાં વ્યક્તિએ બેવડા સ્તરે કામ કરવાનું હોય છે. એક તો ઉપલા અધિકારીઓ અને બીજું હાથ નીચે કામ કરનારા માણસો, જેવા કે કારીગરો, શ્રમિકો વગેરે. આ વિવિધ સ્તરે એકસૂત્રતા જાળવવી ઘણી જ મુશ્કેલ બની જાય છે. નીચેના માણસોમાં અશુભ ભાવનાઓ, દુરિચ્છાઓ, તમસ, જડતા વિશેષ હોય છે. તો પછી ઉપરના અધિકારીઓમાં મિજાજ, અહંકાર, મિથ્યાભિમાન વગેરે રજોગુણ વિશેષ હોય છે. આ સંદર્ભમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, અહીં બેવડા સ્તરે કામ કરવું પડે છે. એક તો નીચલા સ્તરના લોકોની અશુભ ભાવનાઓ અને તમસાવૃત્ત જડતાને દૂર કરવાનું કાર્ય અને ઉચ્ચતર અધિકારીઓના મનોવલણમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરવાનું રહે છે.'' આ કાર્ય કોઈ દેખાય તેવું ભૌતિકકાર્ય નથી પણ અદૃશ્ય કાર્ય છે. અવિદ્યાની શક્તિની પકડમાં રહેલા લોકોની સાથે સતત જાગૃત રહીને કાર્ય કરવાનું છે પણ એથી સમગ્ર વાતાવરણની શુદ્ધિ થશે અને બેવડા સ્તરે કાર્ય કરનાર સાધકની ચેતનાનો વિકાસ થશે.

**કાર્ય અને સ્થળ ફાવતાં નથી તો શું બદલી નાખવાં?**

એક સાધકે શ્રી માતાજીને ફરિયાદ કરતાં જણાવ્યું કે ''મને આ કામ ફાવતું નથી, એનાથી મારી ચેતના ઉપર અસર થાય છે, તો મને કામ બદલી આપો.'' એના જવાબમાં શ્રી માતાજીએ તેને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ''હું નથી માનતી કે તમારું કાર્ય બદલવાથી તમારું ચારિત્ર્ય બદલાશે. પહેલાં પણ આ કદી સફળ થયું નથી.'' કાર્ય તો અંતરમાં અવરોધરૂપ જણાતી મુશ્કેલીઓને દૂર કરવાની તક આપે છે. જો વ્યક્તિ કામ કરવાનું જ છોડી દે તો એ તક ગુમાવી દે છે. કામ બદલવાથી અંતરમાં રહેલ અવરોધક પરિબળ બદલાતું નથી. ફરી સંયોગો ઊભા થતાં પાછી એ જ પરિસ્થિતિ સર્જાય છે. આથી કામ

બદલવાનું નથી, પણ અંતરમાં ફેરફાર કરવાનો રહે છે. એવું જ સ્થળ બદલવા અંગેનું પણ છે. સ્થળ બદલવાથી કે કામ બદલવાથી તમને શાંતિ નહીં મળે. તમે જ્યાં જશો ત્યાં આ વસ્તુ સાથે લઈને જ જશો. હૃદયમાં શાંતિ નહીં હોય ત્યાં તમને કોઈપણ જગ્યાએ શાંતિ નહીં મળે.'' જે પરિસ્થિતિ મળી હોય તેનો સ્વીકાર કરીને અંદર પરિવર્તન સાધીને બહાર પરિવર્તન લાવવાનું છે.

**શું કાર્ય માટે શિસ્તના નિયમો જરૂરી છે ?**

આધ્યાત્મિક જીવનમાં તો આંતરશિસ્ત પ્રમાણે કાર્ય થતું હોય છે, તેમાં તો સતત જાગૃત રહીને કાર્ય દ્વારા પૂર્ણતાને પ્રગટ કરવાની હોય છે. આથી તેમના માટે કોઈ બાહ્યનિયમોની જરૂર હોતી નથી. પરંતુ આ તો સાધનાના અમુક સ્તરે પહોંચી ગએલા સાધકોની વાત છે. પણ જેઓ હજુ સાધનામાં પ્રવેશ્યા છે, જેઓ બાહ્ય વાતાવરણથી પ્રભાવિત થઈને કાર્યો કરતાં હોય છે, તેમના માટે નિયમો જરૂરી છે. મનોમય જગતમાં તો નિયમ વગર કોઈ કાર્ય વ્યવસ્થિત થતું નથી. સ્થૂલ વસ્તુઓમાં કાર્યક્રમ નક્કી કરીને ચાલવું પડે છે. શ્રી માતાજીએ એક સાધકને કહ્યું હતું, ''શિસ્ત વગર કોઈ કાર્ય શક્ય નથી. શિસ્ત વગર જીવન શક્ય નથી અને સૌથી વધારે તો શિસ્ત વગર કોઈ સાધના શક્ય નથી. દરેક ખાતામાં એક જરૂરી શિસ્ત હોય છે, અને તમારે તમારા વિભાગની શિસ્તને અનુસરવું જ જોઈએ. અંગત લાગણીઓ, ગણગણાટો અને ગેરસમજો દ્વારા કાર્યમાં દખલ કરવી ન જોઈએ. કાર્ય પ્રભુની સેવા કરવા માટે કરવામાં આવે છે નહીં કે માનવલાભો માટે.''

જ્યારે સામૂહિક રીતે જીવન જીવવાનું હોય ત્યાં તો શિસ્ત અનિવાર્ય બની રહે છે. આ સંદર્ભમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, '' સમૂહજીવનમાં શિસ્ત અનિવાર્ય છે, જેથી કરીને વધારે શક્તિશાળી માણસો નબળાં સાથે ખરાબ વ્યવહાર કરે નહીં. જેમને સમૂહમાં રહેવાની ઈચ્છા હોય, તેમણે સહુએ આ શિસ્તનું પાલન કરવું જોઈએ. દરેક કાર્યને સારી રીતે કરવા માટે વ્યવસ્થિત આયોજન હોવું જરૂરી છે.'' આમ જ્યારે સમૂહમાં કાર્યો કરવાનાં હોય ત્યારે સમયસર કાર્ય થાય એ માટેના નિયમો પણ જરૂરી છે, નહીંતર સમૂહજીવન ભાંગી પડે.

**નોકરો કહ્યું માને નહીં તો કેવી રીતે કામ લેવું ?**

સામૂહિક જીવનમાં કે વ્યક્તિગત જીવનમાં નોકરો પાસે કામ કરાવવાનું હોય ત્યારે પણ ઘણા પ્રશ્નો ઊભા થતાં હોય છે. શ્રી અરવિન્દ આશ્રમમાં પણ દરેક ડિપાર્ટમેન્ટમાં પગારદાર નોકરો કામ કરે છે, નોકરો સાથે કામ કરવામાં જ્યારે સમસ્યાઓ ઊભી થતી ત્યારે શ્રી માતાજી તેનો ઉકેલ બતાવતાં. તેમણે સાધકોને નોકરો પ્રત્યે ખૂબ જ વિવેકી અને

માયાળુ વર્તન દાખવવા કહ્યું હતું. તેણે જણાવ્યું હતું કે ''જેઓ પોતાની આજીવિકા માટે તમારા ઉપર આધાર રાખે છે, તેમના પ્રત્યે તમારે ખૂબ જ વિવેકી બનવું જોઈએ. જો તમે તેમની સાથે તોછડાઈથી વર્તશો, તો તેમને ખૂબ લાગી આવશે, પણ રોજી છૂટી જવાની બીકે એક મનુષ્ય બીજા મનુષ્યની સાથે વાત કરે એ રીતે તમારી સાથે વાત નહીં કરી શકે.

''તમારાથી વધારે ઊંચા હોય, તેની સાથે તોછડાઈ બતાવો તો એ કદાચ તમારો મોભો હોઈ શકે, પણ તમારાથી જે નીચા છે, જેઓ તમારા ઉપર નિર્ભર છે, એમની સાથે તો ખૂબ જ વિવેકભર્યું વર્તન દાખવવું એમાં જ તમારું ગૌરવ છે.''

નોકરોને સતત ઠપકો આપવો ન જોઈએ કેમ કે તેઓનું નોકર સાથે જે પ્રકારનું વર્તન કરવામાં આવે છે, એવું જ આંતરિક વલણ બની જાય છે. તેઓ મનોમન ધૂંધવાતાં રહે છે, તેથી કામ બગડે છે. નોકરો સાથે કેવું વર્તન કરવું એ અંગે માર્ગદર્શન આપતાં શ્રી માતાજી કહે છે કે,'' પ્રમાદી બનો નહીં. કડક બનશો નહીં, પરંતુ નોકરોને ખબર તો પડવી જ જોઈએ કે તમે બધું જ જુઓ છો, જાણો છો, પણ તમારે ઠપકો આપવો જોઈએ નહીં.''

---

(પૃ.૩૦ ઉપરથી) **ભારતીય સંસ્કૃતિના પાયા**

શરીરનાં અને સામવેદ કારણ શરીરનાં. તે શરીરોનું રૂપાંતર થાય તો માનવજીવન દિવ્ય બને છે. માનસિક જીવન દિવ્ય બને છે, ચૈતસિક જીવન દિવ્ય બને છે.

આવી રીતે પરમ-ચેતનાનો, ૐ નો સાક્ષાત્કાર થાય છે.

કઠોપનિષદ ત્રણ દિવ્ય અગ્નિની વાત કરે છે, જેને તે ત્રિણાચિકેત અગ્નિ કહે છે. ત્રણ શરીરની ત્રણ ચેતના એ જ ત્રણ અગ્નિ છે. તેઓ શરીરની અશુદ્ધિથી અશુદ્ધ થતા નથી, તેથી તેમને ધુમાડા વગરનાં અગ્નિ (અનિચિકેત) કહ્યાં છે. આમ આવું પ્રજ્ઞાની અતિન્દ્રિય જ્ઞાનશક્તિથી પ્રાપ્ત કરેલાં ગૂઢ આધ્યાત્મિક જ્ઞાનનો ઉપનિષદો ખજાનો છે. આવું શ્રેષ્ઠતમ અધ્યાત્મિક વાંગ્મયનો કોઈ જોટો નથી.

આ આધ્યાત્મિક જ્ઞાનના પ્રર્વતક ઋષિઓ કોઈ દાસીપુત્ર (સત્યકામ), કોઈ મજૂર (રૈકવ), કોઈ વિધવાપુત્ર (નારદ), કોઈ રાજા (જનક), કોઈ આશ્રમના ઋષિ (યાજ્ઞવલ્કય), કોઈ અપંગ (અષ્ટ્રાવક્ર), કોઈ અંધ (અંધતમસ), કોઈ કુમારી (ગાર્ગી), કોઈ ગૃહસ્થ (વશિષ્ઠ), કોઈ સંન્યાસી (વિશ્વામિત્ર), એવા હતાં. સારાંશ સમાજનાં બધાં જ સ્તરોનાં હતાં તે એક વિશેષતા છે.

# માતૃવાણી
- શ્રી માતાજી

## યોગ અને કળા

### અવતરણો
(માતૃવાણી - ૩, પૃ.૧૧૪-૧૨૫)

૧ યોગીને કલાસર્જક થતાં યા તો સર્જકને યોગી થતાં અટકાવે એવું કાંઈ નથી, એની કળા પ્રભુ સાથેના તેના સંબંધની અભિવ્યક્તિ બની જાય છે. પૃ.૧૧૪

૨ કોઈ ઊર્ધ્વજગત અને આ સ્થૂળ પાર્થિવ જગત એ બેની વચ્ચે પોતે સંબંધ સાધનારા છે એવી લાગણી કે એવું ભાન બધા સાચા કલાસર્જકોને હોય છે. પૃ.૧૧૫

૩ યોગિક ચેતના કલાસર્જકને સહાયરૂપ શા માટે ન થઈ શકે ? પૃ.૧૧૫

૪ ઘણીવાર એવા કલાકારો ખૂબ સ્વતંત્ર વિચારના હોય છે અને સામાન્ય જીવનમાં પળાતા નીતિનિયમો કે ક્ષુદ્ર આચાર-વિચારને તેઓ સ્વીકારતા નથી. પૃ.૧૧૬

૫ સાચી કલાનો ઉદ્દેશ સુંદરનું પ્રગટીકરણ કરવાનો છે, પરંતુ એ કાર્ય તેણે વિશ્વની ગતિધારા જોડે નિકટ સંબંધ સાધીને કરવાનું છે. પૃ.૧૧૯

૬ જો યોગ દ્વારા તમે કળાના આદિ મૂળને પહોંચી શકો તો પછી,..... તમે સર્વ કળાઓનાં સ્વામી થઈ શકો. પૃ.૧૨૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## યોગ અને કળા

**માતાજી, કલાકાર યોગી અથવા યોગી કલાકાર બની શકે ? કલા અને યોગનો કોઈ સંબંધ છે ?**

બેટા, કલા અભિવ્યક્તિનું એક સાધન છે અને યોગ તેને સાચી વસ્તુની અભિવ્યક્તિ કરતાં શીખવે છે. આમ બન્ને વચ્ચે સંબંધ તો છે જ. કલામાં વસ્તુને એક દૃષ્ટિબિંદુથી જોવામાં આવે છે અને તેને તે વસ્તુના જેવા દર્શન થાય છે તેનું જ પ્રતિબિંબ કલામાં પાડવામાં આવે છે. જ્યારે યોગમાં સમગ્રતાનો દૃષ્ટિબિંદુ હોય છે, તેથી તેમાં સમગ્રતાનું પ્રતિબિંબ પડે છે. પ્રભુ જ સમગ્રતા હોવાથી યોગ પ્રભુપ્રાપ્તિ માટે કરવાનો હોય છે એમ કહેવાય છે. કલાદ્વારા પણ પ્રભુ સંપર્ક સાધી શકાય છે.

**માતાજી, યોગમાંથી કલા-સર્જનની પ્રેરણા મળી શકે છે ?**

જરૂર મળી શકે છે. મહાન કલાકારો કલાસર્જકોને યોગ અને અધ્યાત્મમાંથી જ પ્રેરણાઓ મળેલી છે. મધ્યયુગનાં સ્થપતિઓ અને ચિત્રકારોનો પ્રેરણાસ્રોત ખ્રિશ્ચ્યન - ધર્મ હતો. હિંદની ચિત્રકલા, મૂર્તિકલા, ભજનો, સંગીત, સાહિત્યનો સ્રોત હિંદુ-ધર્મ જ રહ્યો છે.

**માતાજી, યોગસાધનાથી કલામાં પ્રગતિ થાય છે ?**

બેટા, બન્નેમાં આત્મસંયમની જરૂર છે. આત્મસંયમથી વધારે ને વધારે સચેત બનાય છે. તે સૂક્ષ્મ સંવેદનશીલતા ખીલવે છે જે કલામાં અને યોગ બન્નેમાં જરૂરી છે. કલામાં સૌંદર્ય બાબતની સંવેદનશીલતા, જ્યારે યોગમાં પ્રભુ બાબતની સંવેદનશીલતા.

માતાજી એક યુવતીનો દાખલો આપે છે. તેણે નૃત્યની કોઈ કેળવણી લીધી નહોતી પણ મિત્રોની પાર્ટીમાં નૃત્ય કરતી. યોગસાધના કર્યા બાદ તેની નૃત્યકલામાં આમૂલાગ્ર પરિવર્તન આવ્યું, તેનાં નૃત્યો વખણાવા લાગ્યાં, સાથે સાથે તે અશિક્ષિત હોવા છતાં તેનાં લખાણોની ભાષા એવી ભાવવાહી બની ગઈ કે તે સારી લેખિકા બની ગઈ.

તેવો જ દાખલો એક યુવાન - ચિત્રકારનો છે. તેને પિતાએ રાજકારણી કરવાનો પ્રયત્ન કર્યો કારણ તે વિદ્યાભ્યાસમાં ક્યાંય આગળ વધી શકે તેમ નહોતો. પણ તેણે યોગની શરૂઆત કરતાં જ તેની ચિત્રકલા જીવંત બની ગઈ. તે પ્રસિદ્ધ ચિત્રકાર બની ગયો.

**માતાજી, કલાકારોનું વર્તન વિચિત્ર અને ચારિત્ર્ય શિથિલ શા માટે હોય છે ?**

આવા કલાકારો પ્રાણમય ચેતનામાં વધારે રહેતા હોવાથી તેઓ પ્રાણમય સત્ત્વો પ્રત્યે સંવેદનશીલ અને ઉઘાડ અનુભવે છે, તેથી પ્રાણમય જગતનાં અશુભ તત્ત્વો તેમની ઉપર પ્રભાવ પાડી તેવું વર્તન અને ચારિત્ર્ય રચે છે. બીજું, પ્રાણમય જીવન આવેગપૂર્ણ હોવાથી તેઓ સ્વતંત્ર વિચારો ધરાવે છે અને રૂઢીગત પરંપરા તેમને પસંદ હોતી નથી. તેમને તોડવામાં જ તેમને મજા આવે છે. આના કારણે પણ તેવી ઘટના બને છે.

પણ બધા જ કલાકારો આવા હોતા નથી એ માતાજીનો પોતાનો દસ વર્ષનો અનુભવ છે એમ શ્રી માતાજી જણાવે છે.

પ્રાણમય જીવન જીવતા કલાકારો જો યોગ-સાધના તરફ વળે તો તેમની સર્જક-પ્રેરણાઓ બંધ પડવાનો અનુભવ તેમને આવે છે કારણ તેમની યોગસાધના તેમને મલિન પ્રાણમય-સત્ત્વોના પ્રભાવમાંથી મુક્ત કરે છે. કલાકારને પોતાને પણ ઉચ્ચ મૂલ્યોની ઓળખાણ પડવાથી તેઓ નિમ્નમૂલ્યોને હવે મહત્ત્વ આપતા નથી. જો તેમને કોઈ ઉચ્ચ પ્રેરણાસ્રોત મળી જાય તો તેમનું કલા-સર્જન વધારે ઉચ્ચ-કક્ષાનું થવા લાગે છે.

પ્રભુ કલાદ્વારા પણ પ્રગટ થવા માંગે છે. 'સુંદરમ્' એ પણ તેમનું પાસું છે, તેથી યોગસાધના સાચા અર્થમાં સુંદરતા પ્રગટાવવામાં જરૂર મદદરૂપ થાય છે.

**માતાજી, યોગ-સાધનાથી શેલે કે શેક્સપિયરની ઊંચાઈ કલાક્ષેત્રે મેળવી શકાય ?**

જરૂર મેળવી શકાય, શું રામાયણ કે મહાભારત આ યોગી-ઋષિઓની કલાકૃતિ શેલે કે શેક્સપિયરની ઊંચાઈની નથી ? કદાચ તેથી પણ વધારે ઉચ્ચ કક્ષાની છે. કલાકારો એક ભૂલ કરે છે. તેઓ કલા ખાતર કલા છે, એમ માને છે. તેનો વાસ્તવિક જીવન સાથે કોઈ સંબંધ નથી એમ માને છે. ખરેખર તો જીવનની સુંદરતાની એ અભિવ્યક્તિ હોય છે. કલા જીવનને સુંદર બનાવવા માટે હોય છે. હસ્તકૌશલ્યથી કે બુદ્ધિચાતુર્યથી સાચી કલા નિર્માણ થતી નથી. તેની અભિવ્યક્તિમાં કદાચ નાવીન્યતા આવે, પણ અભિજાત સૌંદર્ય પ્રગટતું નથી. સંવાદિતા અને સુંદરતા એ કલાનો આત્મા છે.

જીવનની સમગ્રતા સાથે વણાએલી કલા જ ઉચ્ચશ્રેણીની બને છે. જપાનીઝ ગૃહિણીઓ ગૃહ - સજાવટમાં કલાનો ઉપયોગ સારી રીતે કરી જાણે છે.

કલાસર્જન વખતે કલાકાર આંતર સૂક્ષ્મલોકો સાથે સંપર્કમાં આવતો હોય છે. લીઓનાર્ડો-દા.- વિંચીની કલાકૃતિ 'મોનાલિસા' અને 'લાસ્ટ સપર'માં આ સ્પર્શ અચૂક જણાય છે. બીથોવનની અંતિમ નવમી સિમ્ફનીમાં અવચેતનમાંથી ચેતનાના છુટકારાનો આનંદ વ્યક્ત કરતું સંગીત છે તે અમર સંગીત છે. તેને 'સોનારાફોર્મ' કહે છે. વાગ્નેરને પણ સૂક્ષ્મલોકમાંથી સંગીતની પ્રેરણા મળતી હતી.

આજનાં નૃત્યો સામૂહિક તાલબદ્ધ કસરતો જેવા લાગે છે. આજના રશિયન પ્રસિદ્ધ નૃત્યો પ્રાણમય સૃષ્ટિનો આવિર્ભાવ સ્વરૂપ બની ગયાં છે.

માનસિક-ચેતનાથી ઉપર એક પૂર્ણ-સંવાદમય-જગત છે ત્યાંથી જ કલામાં સંવાદિતા પ્રગટ થતી હોય છે. ઘણા કલાકાર તેને ત્યાં જઈને માણે છે પણ તેનું અવતરણ કરાવતા નથી. આ અક્રિયતા એ શ્રેષ્ઠ સત્ય નથી. પ્રભુએ એ રીતે જ આનંદ માન્યો હોત તો જગત નિર્માણ થાત જ નહીં.


## લોકાર્પણ

શ્રી સુન્દરમે પોંડીચેરીમાં 'સાવિત્રી' મહાકાવ્ય ઉપર આપેલાં પ્રવચનોનાં છ ઓડિયો ડી.વી.ડી. સેટ તથા તેમનો એકવીસમો કાવ્ય-સંગ્રહ 'સ્વાગતમ્ ગીત વાહિને'નું લોકાર્પણ તા.૨૧ માર્ચ ૨૦૧૦ના રોજ સાંજે ૬ વાગે ગુજરાત સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે આયોજેલ છે. ડી.વી.ડી. સેટ તથા કાવ્ય સંગ્રહનું પ્રાપ્તિ સ્થાન - શ્રી અરવિન્દ કેન્દ્ર, 'માતૃભવન', ૮૭-બી સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ તથા શ્રી નાનાલાલ જોશી (મો. ૯૮૨૫૩ - ૮૮૪૬૩)

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ

### અવતરણો - (પ્રકરણ - ૧૩) (પૃ.૪૮૯-૫૧૯)

૧ કર્મનો સ્વીકાર કરીને, આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને, પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિના કરણ તરીકે વિશ્વમાં દિવ્ય-કર્મનું આચરણ કરવું એ બાહ્ય સ્થિતિ સાથે સંપૂર્ણપણે બંધબેસતું છે. પૃ.૪૯૦

૨ વિશ્વપ્રકૃતિમાં દેહ લઈને વ્યક્ત થએલો જે પુરુષ છે તેના પોતાના આત્મસાક્ષાત્કારની ત્રિપુટ વાસ્તવિકતા રહેલી છે. પૃ.૪૯૧

૩ ક્ષેત્ર શબ્દનો અર્થ ગીતા 'શરીર' કરે છે કારણ તે આત્માનું ક્ષેત્ર છે. પૃ.૪૯૨

૪ સ્થૂળ દેહવાળી ચેતના પણ પોતાનો વિસ્તાર એટલો તો કરી શકે છે કે તે પોતાનામાં સમગ્ર વિશ્વને સમાવે છે - 'આત્મનિ વિશ્વદર્શનમ્'. પૃ.૪૯૩

૫ જ્યારે ક્ષેત્રનો જાણકાર ક્ષેત્ર પરથી ક્ષેત્રમાં રહેલ પોતાના સ્વરૂપ ઉપર દૃષ્ટિ કરે છે..... તે જાણવા માટે પ્રયત્ન કરે છે ત્યારે 'જ્ઞાન'નો આરંભ થાય છે. પૃ.૪૯૫

૬ ગીતા આધ્યાત્મિક જ્ઞાન એ શી વસ્તુ છે તે આપણને કહે છે. પૃ.૪૯૫

૭ સઘળું બ્રહ્મમાંથી શાશ્વત કાળમાં ઉદ્‌ભવે છે. પૃ.૪૯૮

૮ પ્રભુ પ્રકૃતિમાં કરવાનાં આપણાં સર્વે કર્મો પોતાના હાથમાં લે છે. પૃ. ૫૦૦

૯ મર્ત્ય પ્રકૃતિને દૂર મૂકી દેવી અને અમર જીવનને ધારણ કરવું એ જ તે રૂપાંતર છે. પૃ.૫૦૨

૧૦ પ્રભુ સાથે સાધર્મ્ય પ્રાપ્ત કરવું એ જ મુક્તિનો સાર છે. પૃ.૫૦૩

૧૧ અમરતા એટલે એક..... એવી ભૂમિકા, જેમાં આત્મા જન્મ અને મરણ બન્નેથી પોતે પર છે એમ જાણે છે. પૃ.૫૦૪

૧૨ જ્ઞાનની પેઠે દિવ્ય કર્મો પણ મુક્તિ પ્રાપ્ત કરવા માટે અસરકારક નીવડે છે. પૃ.૫૦૬

૧૩ દિવ્યપ્રેમ અથવા તો ભક્તિ પણ એ પૂર્ણતા પ્રાપ્ત કરવામાં સફળ નીવડે છે. પૃ.૫૦૬

૧૪ એ પરમ આ વિશ્વનો એકી વખતે પિતા અને માતા બન્ને છે. પૃ.૫૦૭

૧૫ પુરુષ પણ પ્રકૃતિની પેઠે શાશ્વત છે, અનાદિ છે - અનાદિ ઉભાવપિ (૧૩.૧૯) પૃ.૫૦૮

૧૬ પદાર્થમાં પોતામાં રહેલી દિવ્ય મનીષાની (સંકલ્પની) સક્રિય શક્તિ જ તેનો ગુણ કે સ્વભાવ બને છે. પૃ.૫૦૯

૧૭ તમસ્ એટલે પ્રકૃતિની અચિત્ શક્તિ..... રજસ એટલે કર્મમાં ઉદ્યુક્ત.....અજ્ઞાનની શક્તિ.... સત્ત્વ એટલે ..... પ્રકૃતિની જ્ઞાનશક્તિ. પૃ.૫૧૧

૧૮ પોતે અટલ રહીને ગુણોના સંઘર્ષને જોનાર અક્ષર બ્રહ્મની શાંતિના કરતાં વધારે મહાન આધ્યાત્મિક સાક્ષાત્કાર રહેલો છે. પૃ.૫૧૮

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

ગીતાના શરૂઆતના અધ્યાયોમાં જે સત્યો ગીતામાં જણાવેલાં છે તેમને દિવ્ય-કર્મ કરતાં જીવનમાં કયે સ્થાને ગોઠવવાં અને તેમના આધારે જીવન જીવવું એ સમજાવવા ગીતા હવે પ્રવૃત્ત થઈ છે.

ક્ષરપુરુષ અને પ્રકૃતિ વચ્ચે કયા પ્રકારનો સંબંધ છે તે દર્શાવતો આ તેરમો અધ્યાય છે. કર્મ અને બાહ્યી સ્થિતિ એકબીજાનાં બાધક નહિ પણ પૂરક બની શકે છે, એના સિદ્ધાંતની આપણે ચર્ચા કરી છે. હવે તેને જીવનમાં કેવી રીતે વણવો અને તે વખતે કેવો ભાવ ધારણ કરવો એ ગીતા સમજાવવા માંગે છે. આ માટે ત્રણ વસ્તુ સમજી લેવી જરૂરી છે :

૧ ક્ષર-પુરુષ એક ચેતના છે, જેણે ભૌતિક-પ્રકૃતિ ધારણ કરી રાખેલ છે. તે પોતે એક આધ્યાત્મિક 'સત્' વસ્તુ છે. બહારથી જોતાં તે અજ્ઞાનમય પ્રકૃત્તિને વશ થઈ ગયો એવો લાગે છે. પણ ક્ષરપુરુષ અજ્ઞાનમય પ્રકૃતિનું રૂપાંતર કરવા ઈચ્છતો હોવાથી, તેના નાશ કરવાનો તેનો હેતુ ન હોવાથી, ધીમી ગતિથી પોતાના આ મલિન-સાધનને દિવ્ય-અભિવ્યક્તિના સાધન તરીકે વિકસાવી રહ્યો છે. આપણને જે ઉપર મુજબનો ભાસ થાય છે તે અહંકારના અજ્ઞાનમય સ્વરૂપનાં કારણે, ક્ષરપુરુષ (ચૈત્યપુરુષ)ના મૂળ સ્વભાવના કારણે નહિ.

૨ અક્ષરપુરુષ પોતાની હાજરી દ્વારા પ્રકૃતિને ટેકો આપે છે. પોતે નિષ્ક્રિય, સાક્ષીભૂત, નિર્લેપ રહે છે. તેના અવકાશમાંથી જ અવતરણ પામતી પ્રભુની પ્રેરણાઓ ક્ષરપુરુષને આંતરપ્રેરણા સ્વરૂપે મળતી હોય છે.

૩ આ ક્ષર અને અક્ષર પુરુષો જેનાં બે પાસાં કે સ્તર સ્વરૂપ છે, તે પુરુષોત્તમ ચેતના અક્ષરની પણ ઊર્ધ્વમાં રહેલ છે તે અક્ષર-પુરુષને પોતાનાં પ્રેરણાવાહક માધ્યમ ગણે છે. ખરેખર તે તેનું પોતાનું જ નિષ્ક્રિય પાસું હોય છે, તેનો જ અવિભાજ્ય અંશ હોય છે. આ પ્રેરણાઓ તેણે ક્ષરપુરુષ માટે મોકલાવેલી હોય છે, જેથી ક્ષરપુરુષ તેનો તેના માટે સેવેલો સંકલ્પ સમજી શકે અને એ અનુસાર પોતાના વિકાસની દિશા નક્કી કરે. આવા પુરુષોત્તમને સામાન્ય ભાષામાં વર્ણવવો મુશ્કેલ છે, કારણ તેમાં જેને આપણે વિરોધાભાસી તત્ત્વો ગણીએ છીએ, તેમનો પણ ત્યાં સમન્વય અને સહઅસ્તિત્વ રચાએલું હોય છે. તે દ્વંદ્વાતીત અવસ્થા છે તેથી અવર્ણનીય છે.

ક્ષરપુરુષે પોતે પણ શરીર ધારણ કરેલાં  હોય છે. કારણ શરીર પરાપ્રકૃતિમાંથી, દિવ્ય-પ્રકૃતિમાંથી રચાએલું હોય છે. તે દ્વારા પરમાત્મા સાથે એકરૂપતા સાધી શકાય છે. સૂક્ષ્મ શરીર અર્ધપ્રકાશિત અપરાપ્રકૃતિમાંથી બનેલું હોય છે. તેની દ્વારા ચિંતન, વિચાર, ભાવનાનો અનુભવ અને કર્મની પ્રેરણા મળે છે. આ બધું તેને મળેલી આંતરપ્રેરણાના સમજણ મુજબનું હોય છે. સ્થૂળ શરીર દ્વારા કર્મો કરાય છે. સૂક્ષ્મ શરીરમાંનાં કર્મોની પ્રેરણાનુસાર તેનું સ્વરૂપ બંધાય છે. આ ત્રણે શરીર દ્વારા આત્મતત્ત્વ પ્રગટ થવા પ્રયત્ન કરે છે, તેથી તે તેનું કાર્ય-ક્ષેત્ર છે.

જ્યારે ક્ષરપુરુષ અને અક્ષરપુરુષ એ ક્ષેત્રજ્ઞ અર્થાત્ ત્રણે શરીરરૂપી ક્ષેત્રને જાણનાર જ્ઞાતા કહેવાય છે. પુરુષોત્તમ ચેતના ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ બન્ને તો છે જ, અને તેથી પર પણ છે.

વ્યક્તિનાં ત્રણે શરીરનો વિસ્તાર વ્યક્તિ પૂરતો મર્યાદિત હોતો નથી, પણ તે વૈશ્વિક અને વિશ્વાતીત સ્તરે પણ વિસ્તરેલો છે; તેથી ત્રણે કક્ષાનાં ત્રણે શરીરો એ ક્ષેત્રજ છે.

સારાંશ સમગ્ર પ્રકૃતિ, પરા અને અપરા પણ ક્ષેત્ર બની જાય છે અને પ્રાજ્ઞ, તેજસ વૈશ્વાનર (વ્યક્તિ કક્ષાનાં ત્રણ શરીરધારકો)થી માંડી ઈશ્વર, હિરણ્યગર્ભ, વિરાટ સુધી બધા જ પુરુષો ક્ષેત્રજ્ઞ કહેવાય છે. વિશ્વાતીત કક્ષાએ પોતાના સ્વરૂપમાં સમગ્ર બ્રહ્માંડ આવી જાય છે - 'આત્મનિ વિશ્વદર્શનમ્'. ઉપનિષદો આ જ સત્ય કોષોની દૃષ્ટિ દ્વારા વર્ણવે છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય પાંચે કોષો ક્ષેત્રના વિસ્તારમાં આવે છે; જ્યારે અન્નમય પુરુષ, પ્રાણમય પુરુષ, મનોમય પુરુષ, વિજ્ઞાનમય પુરુષ અને આનંદમય પુરુષ એ બધા જ ક્ષેત્રજ્ઞના ક્ષેત્રમાં આવે છે.

પંચમહાભૂતો, અંતઃકરણ, ઈન્દ્રિયો, આ પ્રકૃતિની સમગ્ર વ્યક્ત-અવસ્થા છે જે ક્ષેત્ર છે. તેની અવ્યક્ત અવસ્થાનો પણ ક્ષેત્રમાં સમાવેશ થઈ જ જાય છે.

ગીતા જે દિવ્યજ્ઞાનનો આદર્શ સામે મૂકે છે તેમાં ફક્ત આત્મા વિષેના જ્ઞાનનો જ સમાવેશ થતો નથી. ફક્ત ક્ષેત્રજ્ઞનું જ્ઞાન પણ અધૂરું જ છે. યોગીએ ક્ષેત્રનું પણ જ્ઞાન મેળવવું જરૂરી છે, તેથી તેની સાથેનું જ્ઞાન જ દિવ્ય છે, જે પ્રજ્ઞા જ આપી શકે છે. આવી રીતે જેની પ્રજ્ઞા સક્રિય બની ગઈ હોય અને સ્થાયી થઈ ગઈ હોય ત્યારે જ તેને સ્થિતપ્રજ્ઞ કહે છે. 'ક્ષેત્રેક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનમ્' જ દિવ્યજ્ઞાન છે.

જે માણસને આત્મા સ્પર્શ્યો છે તેની આંતરબાહ્ય સ્વરૂપનું વર્ણન કરી શ્રીકૃષ્ણ

સાચા સદ્ગુરુ બની જાય છે. તે સ્વરૂપની નીચેની વિશેષતા છે :

૧ મન, ધ્યાનપરાયણ બની જાય છે.

૨ વ્યક્તિ એકાંતપ્રિય બને છે.

૩ તે અંતમુર્ખ બનેલો હોય છે.

૪ આંતરજ્યોતિ અનુભવે છે.

૫ દિવ્યજ્ઞાનની સમજણ આવે છે.

૬ શુદ્ધ અસ્તિત્વ-સ્વરૂપ 'તત્'નો અનુભવ આવે છે.

૭ અવ્યભિચારિણી ભક્તિ પ્રાપ્ત કરે છે.

૮ પ્રશાંતિનો અનુભવ આવે છે.

૯ પ્રભુને અંતર્યામી તથા સર્વવ્યાપી શુદ્ધ ચેતનાસ્વરૂપ અસ્તિત્વ તરીકે જાણે છે.

૧૦ બ્રહ્મતત્ત્વની અભિવ્યક્તિ સ્વરૂપ સમગ્ર જગત લાગે છે.

૧૧ જગત એક આયોજનબદ્ધ આવિર્ભાવની ઘટના લાગે છે.

૧૨ આ સનાતનકાળમાં ચાલતી ઘટના લાગે છે.

આવી અનુભૂતિ ઉપર આધારિત જીવન ધારણ કરતો યોગી પ્રકૃતિનાં કાર્યકલાપોમાં રહેવા છતાં મુક્ત જ રહે છે. આવો યોગી અંતરની પાર્શ્વભૂમિમાં નિર્વ્યકિતા સ્વરૂપ અક્ષરબ્રહ્મને અને હૃદયમાં આવિર્ભાવ કરતાં ક્ષરપુરુષને એક જ કાળમાં અનુભવી શકે છે.

આ સમગ્ર આયોજન બીજ સ્વરૂપે આત્મતત્ત્વમાં 'ઋત' તરીકે છે જ. તેનું જ્ઞાન આવા યોગીને થાય છે. આવી સ્થિતિને ગીતામાં 'બ્રાહ્મીસ્થિતિ' 'મદ્ભાવ' અથવા 'પરાગતિ' તરીકે વર્ણવેલ છે. આમાં આપણી અપરાપ્રકૃતિ પરાપ્રકૃતિમાં રૂપાંતર પામી આત્માનો જ ક્ષેત્રવિસ્તાર બની જાય છે. પણ જ્યાં સુધી આ અપરાપ્રકૃતિનું રૂપાંતર થએલ નથી ત્યાં સુધી ક્ષર, અક્ષર, પુરુષોત્તમ આ પુરુષભેદ રહે છે. ક્ષરપુરુષ પ્રકૃતિનાં બંધનમાં અટવાય છે. અક્ષરપુરુષ નિર્લેપ અને આવાં બંધનથી મુક્ત હોવા છતાં તેના અસ્તિત્વનું ભાન પણ આવા બદ્ધ-જીવને હોતું નથી; ત્યાં પુરુષોત્તમના અસ્તિત્વ અને ક્ષમતાના જ્ઞાનની વાત જ અશક્ય લાગે છે.

સાચી આધ્યાત્મિક મુક્તિમાં એ શક્ય બને છે તે ઘટનાનાં બે પાસાં હોય છે :

૧ પોતાની અપરાપ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર કરી તેને ધારણ કરી રાખવી.

૨ તેને લીધે જે ક્ષમતાઓ વિકાસ પામે તેને કારણે પરમ-પ્રભુ સાથે પ્રથમ સાધર્મ્ય પ્રાપ્ત કરવું અને અંતે એકરૂપ બની જવું. આવી ઘટના અનેક જન્મનાં પ્રયત્નો બાદ પ્રાપ્ત થાય છે. દેહમાં વસેલ ચૈત્યપુરુષ દરેક મૃત્યુ બાદ પ્રશાંતિમાં

પ્રવેશી જાય છે. (પ્રલયં યાતિ દેહભૂત ૧૪.૧૪) અને ફરી નવો જન્મ લઈ સાધના આગળ વધારે છે.

અમરતા એ એવી સ્થિતિ કે ભૂમિકા છે જેમાં પરમ-પ્રભુ સાથેની એકરૂપતાને કારણે સનાતનતાનો અનુભવ આવતો હોય છે અને આત્મા પોતે જન્મમરણથી પર છે તેની અનુભવસિદ્ધ ખાતરી થાય છે અને છતાં દેહધારણ કરી પ્રભુના સંકલ્પોને વાસ્તવિક કરવા પ્રભુની ભક્તિ અને તેમના પ્રત્યેના સમર્પણભાવને કારણે સતત કર્મો કરતો રહે છે. આ જ પુરુષોત્તમ ચેતના છે, જેમાં અક્ષરપુરુષની શાશ્વતતા અને ક્ષરપુરુષની કર્મ-પ્રવણતા બન્નેનો સુભગ સંગમ સધાય છે. આને જ પ્રભુની (પુરુષોત્તમની) ચેતનામાં પ્રવેશ કરવો 'મયિ નિવસિષ્યસિ (૧૨.૮) કહેવાય છે. તેને જ ગીતા તે જ ઠેકાણે 'પરંધામ' તરીકે પણ જણાવે છે. આ ચૌદમા અધ્યાયમાં તેને જ 'પરાંસિદ્ધિમ્' (૧૪.૧) કહે છે. ભૂતકાળનાં બધાં જ મુનિઓએ (મુનયઃ સર્વે - ૧૪.૧) આ મુજબ જ સનાતન ચેતનામાં જીવન ધારણ કરી રાખેલ છે.

આ 'પરંધામં'માં સ્થિર થવા માટે વાસ્તવિકતા અને તેની ઉપર થએલો આભાસ બન્નેને પૂરેપૂરા સમજી લેવા જરૂરી છે. વાસ્તવિકતા એ છે કે પ્રભુની ચેતનામાં કોઈ ભેદ નથી, આભાસ એ છે સમગ્ર જગત અનંત પ્રકારના ભેદભાવોથી ભરપૂર છે અને આ સર્વે ભેદભાવોનો ઉગમ એક મૂળભૂત ભેદભાવને કારણે નિર્માણ થયો છે અને તે છે પુરુષ અને પ્રકૃતિનો ભેદ. આ ભેદ આભાસી જ છે. જ્ઞાતા અને જ્ઞેય આ જે ભેદ અહંકારને કારણે નિર્માણ થયો છે તેને કારણે આ ભેદ રચાયો છે અને અહંકાર આ ભ્રમ છે. ચેતના કાયમ અસીમ જ રહે છે. તેણે ધારણ કરેલ સીમિતતાનો ભાવ એક ભ્રમ જ હોય છે, આભાસ જ હોય છે.

આ બધું જાણી લેવા સાચા જ્ઞાનની જરૂર પડે છે પણ તે સાચા જ્ઞાનને વિજ્ઞાનમાં રૂપાંતરિત કરવા તેનો જીવનમાં અનુભવ થવો જરૂરી છે તે કર્મદ્વારા પ્રાપ્ત થાય છે. કર્મ કરતી વખતે તે સાચા જ્ઞાન મુજબનો ભાવ રાખતાં જ કર્મ દિવ્ય-કર્મ બની જાય છે. જ્યારે તે જ્ઞાનને કર્મમાં વાપરવામાં આવે છે ત્યારે તે જ્ઞાનનું રૂપાંતર પ્રભુ પ્રત્યેનાં સમર્પણ અને ભક્તિમાં થાય છે. કર્મો દ્વારા પ્રભુની ભક્તિ થાય છે અને ભક્તિ પ્રેમસ્વરૂપ હોવાથી આ રીતે દિવ્ય-પ્રેમ પણ મુક્તિનું સાધન બને છે. આમ જ્ઞાન, ભક્તિ, કર્મ ત્રણેનો સમન્વય સધાય છે.

પરમ-ચેતના તો અસીમ, નિરાકાર છે. તેમાંથી આ જગત રચાયું છે, કારણ પરમ-ચેતનાનો તેવો સંકલ્પ છે. તેથી પરમ-ચેતના જ 'બીજપ્રદઃપિતા' બની જાય છે અને 'ક્ષરપુરુષ' તરીકે જન્મ લે છે. સંકલ્પ ધારણ કરેલ પરમ-ચેતનાને જ

'મહત્-બ્રહ્મ' કહે છે. ઉપનિષદો તેને 'બૃહત્' કહે છે.

આ મહત્ બ્રહ્મમાં જ પેલો સંકલ્પ સક્રિય બનીને મન, પ્રાણ, પાર્થિવ તત્ત્વ રચે છે, જેમનો ઉપયોગ શરીર ધારણામાં થાય છે. આમ ખરેખર તો આ બધી મહત્થી માંડી ભૌતિક તત્ત્વ સુધીની રચનાઓ બ્રહ્મ સિવાય કાંઈ નથી. જાણે બ્રહ્મ જ નિરાકાર અને સાકાર બન્યું છે એવું લાગે છે, તેથી બન્ને મૂળતઃ સનાતન વસ્તુ જ છે (અનાદિ ઉભાવપિ - ૧૩.૧૯).

તો પછી તે સાકારતા થવાનું કારણ શું ? તે છે પ્રકૃતિના ત્રિગુણ અને તેમાંથી રચાએલ અહંકાર સાથેની એકરૂપતા. આ એકરૂપતાથી પર જવા સિવાય પરમ ચેતનાનો અનુભવ આવવો શક્ય નથી. તેથી ગીતા 'ત્રિગુણાતીત'નું ધ્યેય સામે રાખે છે. ગુણનો અર્થ છે બે કે વધુ વસ્તુનાં સંબંધથી વધારે વસ્તુઓ રચવી. ગુણાકારનો અર્થ એ જ છે. સરવાળો આ વધારો ઓછો કરે છે. ૨+૩ = ૫ થાય પણ ૨ X ૩ = ૬ થાય છે. ગુણાકારમાં વધારો ઝડપી થાય છે. વધારો એ દર્શાવે છે કે તેમાં ગણના થવી શક્ય છે. ગણવા માટે દરેકની ભિન્નતા જરૂરી છે. ભિન્નતા તેની વિશેષતા અથવા ખાસ ગુણધર્મને કારણે પડે છે તેથી પણ આ વધારાને 'ગુણ' કહેવાય છે. ગુણાકારની પ્રક્રિયા સંખ્યાત્મક છે જ્યારે ગુણધર્મની વધારાની પ્રક્રિયા પરિણામાત્મક હોય છે. આ બીજા અર્થમાં 'સ્વભાવ' શબ્દ વાપરેલ છે અથવા 'સ્વધર્મ' શબ્દ વાપરેલ છે.

આ સંખ્યાત્મક અને પરિણામાત્મક વિવિધતા કોણ રચે છે ? ઉપનિષદો જણાવે છે કે વૈશ્વિક - શક્તિઓ નિર્જીવ, આંધળી નથી પણ સજીવ અને સભાન છે. તે પ્રજ્ઞાશક્તિનાં જ વિવિધ પ્રવાહો અથવા આવિર્ભાવો છે. ચેતના પ્રજ્ઞાસ્વરૂપ જ છે (પ્રજ્ઞાનં બ્રહ્મ) તે પ્રજ્ઞા જ આ સમગ્ર પ્રક્રિયા રચે છે. તેમાં આત્મતત્ત્વને પ્રગટ થવા મદદ કરે છે અને તેના બંધનમાંથી મુક્ત પણ કરે છે. તે પોતે તો આ બધાંથી પર છે.

પ્રજ્ઞાએ જે વિવિધતા રચી છે તેના મૂળભૂત રીતે ત્રણભાગ પડે છે - સત્ત્વ, રજસ, તમસ. તે ત્રણ ગુણો તેમનાં પરિણામોના આધારે ઓળખાય છે અથવા વિષ્ણુ, બ્રહ્મા મહેશને અનુક્રમે સત્ત્વ, રજસ, તમસનાં સ્વરૂપો ગણવામાં આવે છે.

આ ત્રિગુણ જ્ઞાન, ઈચ્છા, કૃતિ સ્વરૂપે અનુક્રમે પ્રગટ થાય છે. પ્રભુના સંકલ્પની સભાનતા કે સમજણ આ 'સત્ત્વ' ગુણ છે. તે સંકલ્પાનુસાર ક્રિયા એ રજોગુણ છે અને તે સંકલ્પાનુસાર પરિણામ લાવી તે સંકલ્પ શાંત થઈ જવો એ તમોગુણ છે. ઘણા યોગીએ મનની ક્ષમતાને સત્ત્વ, પ્રાણની ક્ષમતાને રજો અને પાર્થિવતત્ત્વની ક્ષમતાને

તમો ગુણ કહે છે. સત્ત્વગુણ જ્ઞાન, પ્રકાશ, પ્રસાદ અને સાર્થકતાનો અનુભવ કરાવે છે. રજોગુણ સક્રિયતા જીદ, વિકારોનો અનુભવ કરાવે છે. તમોગુણ જડતા, આળસ, અજ્ઞાનનો અનુભવ કરાવે છે.

આ બધા ગુણો એકબીજા સાથે સહકાર કરે છે, સંઘર્ષ પણ કરે છે અને એકબીજાનો વિનાશ પણ કરે છે. ત્રણેના પરિણામ સ્વરૂપે જ માનવનો સ્વભાવ રચાય છે અને સ્વભાવ અનુસાર કર્મ થાય છે.

ત્રણે ગુણો બંધનકારક જ છે. સત્ત્વ જ્ઞાન અને સુખની આસક્તિથી બાંધે છે. રજોગુણ કર્મ પ્રત્યેની આસક્તિથી બાંધે છે. તમોગુણ આળસ. જડતાની આસક્તિથી બાંધે છે. આ બધાં જ બંધનોમાંથી આત્માને મુક્ત કરવો જરૂરી છે.

તે માટેનો ગીતાનો

૧ પ્રથમ પ્રયાસ છે કર્મ ફળની આસક્તિમાંથી મુક્તિ.

૨ તે પછી કર્મની આસક્તિમાંથી મુક્તિ.

૩ ત્રીજો ઉપાય છે બધાં કર્મો પ્રભુને અર્પણ કરવાં.

૪ ચોથો ઉપાય છે પ્રભુ જ આપણી દ્વારા કાર્ય કરે છે એવો 'મદ્‌ભાવ' રાખવો અને પોતાને નિમિતમાત્ર સમજવું.

આ એકથી એક ચડિયાતા માર્ગો છે જે સાથે પણ આચરી શકાય છે. આ ઉપાયોથી જ્યારે આત્મતત્ત્વ મન, પ્રાણ, પાર્થિવતત્ત્વથી છૂટું પડીને પોતાનું સનાતન અસ્તિત્વ સ્વીકારશે ત્યારે જ મુક્તિ મળશે. આ મુક્તિ જ ત્રણે ગુણોથી પર - ત્રિગુણાતીત બનાવશે.

આવી સ્થિતિનાં લક્ષણોમાં સમતા પ્રમુખ લક્ષણ છે (સમત્વં યોગ ઉચ્યતે). સમત્વ એટલે ત્રણે ગુણોનાં કાર્ય દરમિયાન અનુભવાતી સમતા, સ્થિરતા, નિર્લેપતા. આમાં એક પ્રકારની બિન અંગતતા અનુભવાય છે.

આ અનુભવ દરમિયાન જ ક્ષરપુરુષની ચેતના અક્ષરપુરુષમાં આવી સ્થિર થાય છે. આ અસંગતા સાથે પ્રભુ સાથેની એકરૂપતા સધાવાની શરૂઆત થાય છે. તેને જ ગીતા અવ્યભિચારિણી ભક્તિ કહે છે. તેને કારણે જ ત્રણે ગુણોથી પાર જવાય છે. (સગુણાન્સમતીત્યૈતાન્ - ૧૪.૨૬) અને પછી પરમ-ચેતના સાથેની એકરૂપતા શક્ય બને છે (બ્રહ્મભૂયાય કલ્પયતે (૧૪.૨૬)

આવી રીતે ત્રિગુણાતીત થવાય છે, જે પુરુષોત્તમ - ચેતના છે.

# માનવવિકાસ ચક્ર
- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **શ્રી કે.કે.ખખ્ખર**

(લેખ ક્રમાંક - ૧૦)

## સામાજિક વિકાસનો આદર્શ - ૩

શ્રી અરવિન્દ માટે આદર્શ સમાજ એટલે આધ્યત્મિક સમાજ. તેઓ આપણને સમજાવે છે કે આધ્યાત્મિક સમાજનું અંગ બનવાનું સદ્‌ભાગ્ય માત્ર મનુષ્યને જ પ્રાપ્ત થયું છે. એ માનવીની વિશેષતા છે કે તે માત્ર શારીરિક અને પ્રાણિક જ નહીં પરંતુ મનોમય અને આધ્યાત્મિક કોટિના લોકોના બનેલા સમાજનું અંગ છે. અલબત્ત આવા સમાજના તમામ લોકો એકસમાન મનોમય અને આધ્યાત્મિક ભૂમિકા ધરાવતા હોતા નથી. શ્રી અરવિન્દ સ્પષ્ટ કરે છે કે કોઈ એક મનુષ્ય અમુક લોકો સાથે વધુ સામ્ય ધરાવતો હોય છે. તો અન્ય અનેક લોકોથી તે અલગ પડે છે. સમયાંતરે સમાન લક્ષણો ધરાવતા લોકોના વર્તુળો કે જૂથો રચાતા ચાલે છે. એ ખરું છે કે મનુષ્ય તેની જ્ઞાતિ, ધર્મ, વર્ગ કે વ્યવસાય ઈત્યાદિ અનુસાર અલગ અલગ જૂથો કે વર્તુળો રચતો હોય છે. આવા જૂથો અંતર્ગત લોકો પરસ્પર મદદ કરતા હોય તે પણ સ્વાભાવિક છે. પરંતુ શ્રી અરવિન્દ આપણને એવી સમજ આપે છે કે મનુષ્યમાત્ર આવા જૂથો રચીને અટકી જતો નથી. તે આથી આગળ વધીને વધુ વિશાળ આર્થિક, સામાજિક કે રાજકીય સ્વરૂપનાં જૂથો પણ રચે છે અને તેમાં અંગ તરીકે તેના વિકાસ માટે પ્રવૃત્ત થતો હોવાનું જોઈ શકાશે. અહીં શ્રી અરવિન્દ એથી સ્પષ્ટ કરે છે કે પોતાના રાષ્ટ્રના જીવનને સમૃદ્ધ કરવા પ્રયાસ કરતી વ્યક્તિ છેવટે સમગ્ર માનવજાતિના જીવનને સમૃદ્ધ કરવાની દિશામાં પોતાનો ફાળો આપી શકે છે.

શ્રી અરવિન્દ ખૂબ ભારપૂર્વક જણાવે છે કે માનવી ગમે તેટલાં જૂથો, વર્તુળો કે સમુદાયોની રચના કરે પરંતુ તે તેમાં પૂરાઈ રહે તેવું પ્રાણી નથી. શ્રી અરવિન્દ મનુષ્યની ઓળખને સીમાઓમાં બાંધવા ઈચ્છતા નથી. તેઓ કહે છે કે મનુષ્ય નથી કોઈ અમીર, ઉમરાવ, વેપારી કે સૈનિક. તે કોઈ ધર્મગુરુ, કલાકાર, ખેડૂત કે કારીગર પણ નથી. તેને માત્ર અંગ્રેજ, ફ્રેન્ચ, જાપાનીઝ કે ભારતીય તરીકે જ ઓળખાવી શકાય નહીં. જ્યારે પણ મનુષ્યનો એક હિસ્સો કોઈ સમૂહ સમાજ કે રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતો હોય છે ત્યારે તેનો બીજો હિસ્સો સમગ્ર માનવજાતિને અતિક્રમી જવા સમર્થ હોય છે, જે

મનુષ્યને પ્રાણીમાત્રનું અને છેવટે ખુદ પ્રભુનું અંગ બનાવી આપે છે. આ દ્વારા મનુષ્ય ભાવિ દેવતાઓ માહેંનો એક દેવ બની રહે છે.

શ્રી અરવિન્દ આપણને વિગતે સમજાવે છે કે માનવી તમામ પ્રાણીઓથી અલગ એવું વિશિષ્ટ પ્રાણી છે. મનુષ્યે જગતમાં આવિર્ભાવ પામેલાં આત્મતત્ત્વની અનંતતામાં તેની સંકુલતા એને વૈવિધ્યમાં ભાગીદાર બનવાની શરૂઆત ઘણા સમયથી કરી દીધી છે. શ્રી અરવિન્દ માનવીમાં રહેલી એવી ક્ષમતા તરફ આપણું ધ્યાન દોરે છે જેના વડે તે શક્ય તેટલી વિશાળતાને પોતાની અંદર સમાવી શકે છે અને તેને નવું રૂપ પણ આપી શકે છે. આ ક્ષમતા દ્વારા મનુષ્ય પોતાના વિકાસનું તથા દિવ્યતા સુધીના તેના વિસ્તારનું એક માધ્યમ બની રહે છે.

જ્યારે શ્રી અરવિન્દ માનવીની ક્ષમતા અને દિવ્યતા પ્રતિ તેના વિસ્તરણની શક્યતાની ચર્ચા કરે છે ત્યારે સમાજનો છેદ ઉડાવી દેતા નથી. શ્રી અરવિન્દ જેને આધ્યાત્મિક સમાજ કહે છે તેમાં સમાજનો આપોઆપ સ્વીકાર થએલો છે. આવો સમાજ વ્યક્તિ અને માનવજાતિ વચ્ચે રહેલા અંતરાલ જેવો છે; એટલું જ નહીં, તે વ્યક્તિ અને માનવજાતિ વચ્ચેનો સેતુ બની રહે છે. શ્રી અરવિન્દ આપણને એમ સમજાવે છે કે વ્યક્તિએ માનવજાતિની અંદર અને માનવજાતિએ વ્યક્તિની અંદર જીવવાનું છે. પરંતુ, માનવજાતિ એટલી બધી વિશાળતા ધરાવે છે કે વ્યક્તિ સાથેના તેના સંબંધને ખૂબ નજીકથી અને પ્રગાઢપણે જોડવાનું કાર્ય હંમેશા સરળ બની રહેતું નથી. વ્યક્તિ અને માનવજાતિને એકમેકમાં પરિપૂર્ણ કરવાની દિશામાં બન્ને વચ્ચે રહેલો સમાજ મદદરૂપ બને છે. આથી જ વ્યક્તિ અને માનવજાતિ વચ્ચે અંતરાલ જૂથો, વર્તુળો, સમૂહોની જરૂર રહે છે.

સમગ્ર માનવસમાજમાં રહેલા અનેકવિધ વર્તુળો અને સમૂહો વિવિધ વૃત્તિઓથી પ્રેરાઈને કાર્ય કરતા હોય છે. આ તમામ વૃત્તિઓને જોવા-સમજવાનું છૂટી પાડવાનું અને ફરી તેમને એકત્રિત કરવાનું કપરું કાર્ય પણ આ અંતરાલ જૂથો અને સમૂહોએ જ કરવાનું છે. આમ કરવા જતાં તેઓ ભૂલો કરે તે સહજ છે. ક્યારેક આ જૂથો એવો દાવો પણ કરતા હોય છે કે અમે માનવજાતિ ખાતર નહીં પરંતુ અમારે ખાતર જ હસ્તિ ધરાવીએ છીએ ! અમારો વિકાસ અને મહત્તા એ જ માનવજીવનો ઉદ્દેશ છે એમ પણ તેઓ કહેતાં જોવા મળે છે. આ જૂથો તેમની ઇચ્છાનુસાર વ્યક્તિનો કબજો લઈ લે છે અને બાકીના જૂથોથી પોતાની ઓળખને સ્વતંત્ર બનાવી રાખવા સતત મથે છે. પરંતુ શ્રી અરવિન્દ આવી ઘટનાઓને વચગાળાની અને કામચાલાઉ માને છે. વખત જતાં તમામ જૂથો અને સમૂહોએ પોતાની અલગ ઓળખથી ઉપર ઊઠીને આધ્યાત્મિક સમાજ તરફ આગળ વધવું અનિવાર્ય છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Savitri - B-1, C-3, P-34

## અભીપ્સાનું મહત્ત્વ

પ્રકરણ - ૮૯

અશ્વપતિ જે અક્ષરબ્રહ્મની નિરવ અને અચલ બ્રહ્મની ઊર્ધ્વ સીમા પાસે પહોંચી ગયો હતો, ત્યાંથી તેને આગળ વધવું મુશ્કેલ જવા લાગ્યું. જાણે પુરુષોત્તમની ચેતનામાં પ્રવેશવાનો અધિકાર તેને મળ્યો નહોતો. કાંઈક ખૂટતું હતું. આ ઊણપ એ હતી કે અક્ષરબ્રહ્મ જ ચેતનાની અંતિમ અને મૂળભૂત કક્ષા છે. તેની ઉપર કોઈ અવસ્થા નથી એવી તેની માન્યતા. પણ આ અવસ્થા પ્રાપ્ત થયાં પછી અશ્વપતિને આ અક્ષરબ્રહ્મની પણ ઉપર ચેતાનાના ઊર્ધ્વ પ્રદેશો છે એવું તેને જણાયું પણ તે અવસ્થા કેવી હશે તે બાબતનું જ્ઞાન નહોતું, તેની સમજણ નહોતી અને તે અજ્ઞાન જ બાધારૂપ બની રહ્યું હતું.

આવી ચેતનાની સ્વર્ગીય કક્ષાઓમાં અશ્વપતિ થોડી જ વાર ટકી શક્યો. ઊંચે ચડતો પતંગ અમુક કક્ષા પછી નીચે આવવા લાગે તેવી અશ્વપતિની ચેતનાની સ્થિતિ થઈ. અશ્વપતિનું આ ઊર્ધ્વારોહણ જેમાં અસીમ-ચેતનાનો અને ઘનીભૂત શાંતિ અને સ્વસ્થતાનો જ અનુભવ આવી રહ્યો હતો તે કક્ષા પણ થોડીવાર ટકી અને ધીમે ધીમે અદૃશ્ય થવા માંડી. અશ્વપતિને પોતાની ચેતના પતન પામતી, પાછી વળતી લાગી. અક્ષર ચેતનામાં અત્યાનંદનું જે તીવ્ર અને અસહ્ય દબાણ અનુભવાતું હતું તે જાણે હળવું થતું ગયું. અત્યાનંદની તીવ્રતા ઘટવા લાગી. તે તીવ્રતા સાથે જે પ્રખર પ્રકાશમયતા, તેજોમયતા અનુભવાતી હતી તે પણ ધીમે ધીમે આછી થવા લાગી. અને તે ઘટવાનું પ્રમાણ તીવ્ર વેગે ઘટતું જ ગયું. થોડીક ક્ષણોમાં તો તે અત્યાનંદ અને પ્રકાશપૂર્ણતા અદૃશ્ય થઈ ગયાં. શ્રી અરવિન્દ જણાવે છે કે

Only a while at first these heavenlier states,
These large wide-poised uplifting could endure.
The high and luminious tension breaks too soon.

અશ્વપતિનું શરીર જે એક અચલમૂર્તિ જેવું સ્થિર, લાકડાના થાંભલા જેવું કાષ્ટવત્ થઈ ગયું હતું અને જીવનઊર્જા જે તુરીય અવસ્થામાં પ્રવેશીને સડેડાટ નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશી ગયું હતું, શરીર નિશ્ચળ અને નિશ્ચેય બની ગયું હતું; ત્યારે પણ અશ્વપતિ તો આંતરિક રીતે તીવ્ર રીતે સભાન હતો. તેની સભાનતા એક વિશ્વવ્યાપી પ્રકાશમય ચેતના સ્વરૂપની હતી. અસીમ ચેતના આ નાનકડા નિશ્ચળ શરીરના આધારે

જાણે ઊભી હોય એવું લાગતું હતું. આ નાનકડું શરીર તે અસીમ ચેતનાનું આધાર બની ગયું હતું અને તેની શરીરની ક્ષમતા તે અસીમ-ચેતનાની જ પરમ-કૃપાથી નિર્માણ થઈ હતી એવું અશ્વપતિને લાગતું હતું. તે અસીમ ચેતનાની પ્રચંડ શક્તિ જ્યારે અશ્વપતિના શ્વાસોચ્છ્વાસની ક્રિયા થોભી જતી, સહજ કુંભક થતો; ત્યારે પ્રભાવી રીતે અનુભવાતી હતી. બીજું, તે ચેતનાએ મનમાં ચાલતી અવિરત અને અખંડ વિચારપ્રવાહો અને ધારાને પોતાની સમર્થ ક્ષમતાથી રોકી રાખ્યાં હતાં, શાંત કરી દીધાં હતાં. મન કોઈ મધ્યરાત્રીના સમયે શાંત થઈ ગએલાં મુખ્ય - ચોક જેવું નિરવ અને શાંત ભાસતું હતું. એક સુવર્ણમય પ્રકાશથી અશ્વપતિનું સમગ્ર ચેતના અને સ્વરૂપ છલોછલ ભરાઈને ઉભરાઈ રહ્યાં હતાં. જાણે 'પૂર્ણકુંભ'ની સ્થાપના થઈ હતી! અશ્વપતિનાં જીવનમાં જાણે કોઈ સુવર્ણમય દિન ઉગ્યો હતો પણ હવે તે સુવર્ણમય દિનનો મધ્યાહ્ન પસાર થઈને સૂર્ય અસ્તાચળ ભણી નમતો લાગ્યો. ધીમે ધીમે અશ્વપતિની ચેતના, મન, ચિત્ત, પ્રાણ, શરીરમાંનાં સુવર્ણમય તેજનાં પૂર ઓસરવાં લાગ્યાં હતાં. સુવર્ણમય દિન જાણે વિદાય લઈ રહ્યો હતો. શ્રી અરવિન્દ જણાવે છે કે

The body's stone stillness and the life's hushed trance,
The breathless might and calm of silent mind;
Or slowly they fail as sets a golden day.

અશ્વપતિનાં નિમ્નતત્ત્વો જેમને અસ્વસ્થતામાં જ રહેવાની ટેવ હતી તેમને તો આ અપાર શાંતિ, તીવ્રઆનંદ અને નિષ્ક્રિયતા અને અચળતા ખૂબ જ આકરી લાગવા માંડી હતી. પણ પેલા સુવર્ણમય-ચેતનાનાં ઘોડાપૂરમાં બધા જ દબાઈ ગયાં હતાં. તે સુવર્ણ-દિન આથમતાં જ તેમનો સ્વભાવ ફરી જાગૃત થયો અને તેઓ સળવળવા માંડ્યાં. શ્વાસોચ્છ્વાસ ચાલુ થયો, શરીર સક્રિય બન્યું, મનની પ્રશાંતિ વિલીન થઈ, વિચાર - પ્રવાહ શરૂ થયો, પ્રચંડ દિવ્ય ક્ષમતાઓ આસરી ગઈ અને પહેલાની સીમિત ક્ષમતાઓ સ્થાપિત થઈ. આ નિમ્ન મન, પ્રાણ, શરીરનાં તત્ત્વોએ હાશકારો અનુભવ્યો. નિર્વિકલ્પ સમાધિ ભંગ પામી. અશ્વપતિ સામાન્ય ચેતનામાં જાગવા માંડ્યો.

નિમ્ન તત્ત્વોને લાગ્યું જાણે ઘોર સંકટ ટળી ગયું. તેમણે પ્રભુનો પોતાની રીતે પાડ માન્યો અને પોતાના સ્વભાવગત પસંદગી - નાપસંદગી મુજબ વર્તવા માંડ્યા. પસંદ કાર્ય અને આનંદ મેળવવાની પદ્ધતિમાં રચ્યાંપચ્યાં રહેવાં લાગ્યાં. શ્રી અરવિન્દ અહીં nostalgia શબ્દ વાપરે છે. nostalgia એટલે કોઈ ટેવ મુજબની કરવાની આસક્તિ, જેને "adiction" પણ કહે છે. આવી ટેવો વર્ષો જૂની હોય છે, તેથી શ્રી અરવિન્દ તેને "old" કહે છે. આ બધાં પોતાની નિમ્ન સીમિત ચેતનામાં જ રહેવા ટેવાએલાં હોય છે, જેને શ્રી અરવિન્દ "small familiar selves" તરીકે વર્ણવે છે. તેમને પોતાની યાંત્રિક

અને ફરીફરી પુનરાવર્તન કરી તેવી ટેવોમાં જીવવાની જ ઇચ્છા હોય છે અને તે ખૂબ જ નિમ્ન કક્ષાનો સ્વભાવ હોવા છતાં તેમને તે જ પસંદ હોય છે. તેમને માટે તે સ્વાભાવિક અને નૈસર્ગિક સ્થિતિ હોય છે તેને પતન ગણો કે તેમની શાંત અવસ્થા; તેમને તેથી કોઈ તફાવત પડતો નથી. શ્રી અરવિન્દ જણાવે છે કે

The restless nether members fire of peace;
A nostalgia of old little works and joys,
A need to call back small familiar selves,
To tread the accustomed and inferior way,
The need to rest in a natural poise or fall;

સ્વરૂપમાંનાં આ નિમ્ન - તત્ત્વોને દિવ્ય-ચેતનાનો ભાર અને પ્રભાવ ખૂબ જ અસહ્ય લાગે છે. તેમની પોતાની પ્રકૃતિની નબળાઈઓ જ આ ઘટના રચે છે. તેમની ક્ષમતા જ સીમિત હોય છે. આ તબક્કે તેમની પાસેથી વધારે અપેક્ષા રાખવી એ પણ યોગ્ય નથી. તેમની ઉત્પત્તિ જે રીતે પશુની પ્રજનન પ્રક્રિયામાંથી થઈ છે, કામવાસનામાંથી થઈ છે, અવચેતનનાં પ્રભાવ હેઠળ થઈ છે, તે જ નબળાઈઓનું મૂળભૂત કારણ છે. જ્યારે આ પ્રજનન - પ્રક્રિયા ઉપરનો અવચેતન અને અચેતનનો પ્રભાવ ઘટશે અને નાબૂદ થશે ત્યારે જ આવી જન્મજાત નબળાઈઓ નષ્ટ થવાની શક્યતા છે. આ જ શરીરને ઊર્ધ્વકક્ષાએથી આંતરિક રીતે માનસિક સંકલ્પબળે અને નિમ્નકક્ષાએથી કોષો દ્વારા દિવ્ય કરીને અવચેતનનો અને અચેતનને ઘટાડતા જવો એ જ સાચો રૂપાંતરનો માર્ગ છે. ફક્ત ઊર્ધ્વકક્ષાનો પ્રયત્ન સાધકને વધારેમાં વધારે અક્ષર-ચેતના સુધી લઈ જઈ શકે છે. ભૌતિક તત્ત્વ નીચેનું અવચેતન અને અચેતન તેને તેથી પણ ઉપર જતાં રોકે છે. અશ્વપતિની નબળાઈ આ સ્વરૂપની હતી. અશ્વપતિ એ રીતે અધૂરું રૂપાંતર-સાધ્ય કરી શક્યાં હતાં અને તે જ તેમની પાછા ફરવાની વિવશતાનું મૂળ કારણ હતું.

શ્રીઅરવિન્દ સમજાવતા જણાવે છે કે નાનું બાળક ચાલતા શીખે છે ત્યારે થોડાંક ડગલાં ચાલ્યાં પછી તે પોતાની સમતુલા ખોઈ બેસે છે, તેને થાક પણ લાગે છે; તેવું આ નિમ્ન કક્ષાનાં તત્ત્વોનું છે. તે તત્ત્વો થોડીક ઊર્ધ્વગતિ કરી શકે છે, પણ પછી લથડિયાં ખાવા માંડે છે કારણ તેને જાણે તમ્મર આવવા માંડે છે. તેથી શ્રી અરવિન્દ મધ્યમ માર્ગ અને વાસ્તવદર્શી માર્ગ સ્વીકારવાનું સૂચન કરે છે. પરમ-ચેતના જેને "Titan" તરીકે શ્રી અરવિન્દ વર્ણવે છે તેની અવિરત અખંડ રીતે ઊર્ધ્વગતિ કરવાની, વિકાસ પામવાની, બલવત્તર સંકલ્પબળને, "Will"ને, હાલપૂરતો આપણે ઢંકાએલો જ રાખવો પડશે. તેને પ્રજ્વલિત અને પ્રખર રીતે સક્રિય કરવા કરતાં તેને સ્થાને હૃદયમાંનાં ચૈત્યપુરુષનાં સૌમ્ય, શાંત પ્રકાશને તેની અભીપ્સાની જ્યોત અને જ્વાલા આપણા નિમ્ન સ્વરૂપોની નબળાઈઓ સારી રીતે જાણે છે, સમજે છે, અને તેને પોતાને અનુરૂપ અને તે સહન કરી

શકે એવી રીતે દબાણ વાપરી ખૂબ જ ખંતથી નિમ્નતત્ત્વોને દિવ્ય-ઘાટ આપવાનું કામ શાંતિથી કરતી હોય છે. એ તો મા ભગવતી સરસ્વતીના સ્વભાવ અનુસાર જ કાર્ય કરી પોતાના આ નિમ્ન - તત્ત્વોરૂપી અબોધ બાળકોને ધીરજ અને ખંતથી શિક્ષણ આપી દિવ્ય-સંસ્કાર સિંચન કરતી હોય છે.

શ્રી અરવિન્દ પોતાના પૂર્ણયોગમાં અભીપ્સાને શા માટે ખૂબ મહત્ત્વ આપે છે, તેનું આ ખૂબ જ વાસ્તવિક અને વ્યવહારુ કારણ છે. આપણે ચૈત્યપુરુષ અને તેની અભીપ્સા એ ખરેખર પરમ-ચેતના અને આપણું નિમ્ન સ્વરૂપ (આધાર) બન્નેને જોડતું સંલગ્ન તત્ત્વ છે. એ જાણે "Stabilizer"નું કામ કરે છે. જરૂર પૂરતી જીવનઊર્જા જ આપણા સ્વરૂપમાં પ્રવેશવા દે છે. ચૈત્યપુરુષના મૂળમાં રહેલ આપણા સ્વરૂપને વિકસાવવાનો પ્રભુનો સંકલ્પ એ એવું તત્ત્વ છે જે ચૈત્યપુરુષને આવી ક્ષમતા આપે છે. તે સંકલ્પાનુસાર જ આપણી પ્રગતિ, ઉત્ક્રાંતિની વૈશ્વિક-પ્રક્રિયા સાથે તાળમેળ ખાઈને ગોઠવવામાં આવી છે.

તેથી શ્રી અરવિન્દ લખે છે કે

As child who learns to walk can walk not long.
Replace the titan will for ever to climb.
On the heart's alter dim the sacred fire.

શ્રી અરવિન્દ હૃદયને યજ્ઞવેદી કહે છે, કારણ તેમાં અભીપ્સાની જ્યોત સતત જલતી રહેતી હોય છે. અને અભીપ્સા એટલી પવિત્ર, અણિશુદ્ધ હોય છે કે તેને 'પવિત્ર અગ્નિ' કહેવો યોગ્ય લેખાશે.

સારાંશ અશ્વપતિને પ્રથમ રૂપાંતર પૂર્ણ કરવાની ઈચ્છા જાગી. પ્રથમ રૂપાંતરમાં ચૈત્યપુરુષનાં પ્રભાવ નીચે સ્વરૂપનાં બધાં જ તત્ત્વોને, નિમ્ન તત્ત્વોને પણ લાવવામાં આવે છે અને ચૈત્યપુરુષ સમ્રાટની જેમ તેમનું સંચાલન કરવા માંડે છે. વેદો આ અવસ્થાને 'સ્વરાજ્યમ્' કહે છે. સ્વરાજ્યમ્ એટલે પ્રથમ ચૈતસિક રૂપાંતર. સામ્રાજ્યં અને અધિપતિ રાજ્યં એટલે વૈશ્વિક રૂપાંતર અર્થાત્ તેમાં અનેક અધિપતિરૂપ ચૈત્યપુરુષનો પણ સમાવેશ થાય છે. જેમ સમ્રાટનું આધિપત્ય બીજા નાનામોટા રાજાઓ પણ સ્વીકારે છે અને તેથી ઉપરનું છે 'વૈરાજ્ય' જેને આધ્યાત્મિક રૂપાંતર કહી શકાય ત્યાં પરમ-ચેતના તખ્તાસિન બને છે. સિંહાસન ઉપર વિરાજમાન થાય છે, વેદોમાં રહેલ રૂપાંતરની આ પ્રક્રિયા છે અને આ અભિવ્યક્તિઓ છે.

અશ્વપતિની સાધના - યાત્રાનો નવો તબક્કો શરૂ થઈ રહ્યો છે, તેને અભીપ્સાનું મહત્ત્વ સમજાયું છે. તેણે જાણ્યું છે કે અભીપ્સારૂપી અગ્નિ જ તેનો આગામી સાધના-પથ કંડારનાર 'પથિકૃત્' છે, પથદર્શક છે.

અશ્વપતિ પોતાનાં અપયશ અને ઊણપો ભૂલી અભીપ્સામાં લીન થઈ ગયો છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૯

### અવતરણો

(ભાગ૧, પૃ. ૨૯૬-૩૦૨)

## કેન્દ્રસ્થ સ્વરૂપ

૧ 'કેન્દ્રસ્થ સ્વરૂપ' આપણા યોગમાં, આપણી અંદર રહેલા પ્રભુના અંશ માટે વપરાય છે. તે અંશ બાકીના બધા અંશોને ટેકો આપે છે ..... અને જન્મ - મૃત્યુમાંથી પસાર થઈ એ છતાં તે ટકી રહે છે. આ કેન્દ્રસ્થ સ્વરૂપનાં બે રૂપો છે..... ઊર્ધ્વમાં રહેલ જીવાત્મા જે આપણું સાચું દિવ્ય સ્વરૂપ છે. નીચે રહેલો ચૈત્યપુરુષ છે. પૃ. ૨૯૬

૨ ચૈત્યપુરુષ..... પ્રભુનો દિવ્ય બાળક છે. પ્રભુનો પુત્ર, પ્રભુનો ભક્ત છે. પૃ. ૨૯૬

૩ વેદાંત જાહેર કરે છે કે જીવનું સાચું અસ્તિત્ત્વ હોતું નથી કારણ કે પરમાત્મા અવિભાજ્ય છે. પૃ.૨૯૭

૪ જીવાત્મા વિશ્વાત્મા સાથે પોતાનું ઐક્ય અનુભવે છે. પૃ. ૨૯૮

૫ ચૈત્યપુરુષ અથવા આત્મા પરમાત્માનો સ્ફુલિંગ છે. પૃ. ૨૯૮

૬ 'પુરુષ' તેનું જીવાત્માનું એક સચેતન સ્વરૂપ છે. (આવા અનેક સચેતન સ્વરૂપો હોય છે) પૃ. ૨૯૯

૭ ઉપરછલ્લી દેખાતી (બાહ્ય) પ્રકૃતિ એ નિમ્ન કે અપરા પ્રકૃતિ છે. 'પરાપ્રકૃતિ' તેની પાછળ ગુપ્ત રીતે રહેલી છે. પૃ. ૨૯૯

૮ શાશ્વત તત્ત્વ 'સત્' છે, હાલમાં રહેલું વિશ્વ.... તે છે સંભવન્ **(becoming)** પૃ. ૨૯૯

૯ ચૈત્યપુરુષની શક્તિ જ્ઞાન નહિ પરંતુ મૂળભૂત અથવા આધ્યાત્મિક લાગણી છે. પૃ.૩૦૦

૧૦ જીવાત્મા વિશેના પરમાત્મા સાથેના સંબંધના બીજા વિચારો પણ છે. પૃ.૩૦૨

### સમજૂતી - માનસિંહ ચાવડા

પૂર્ણયોગમાં કેન્દ્રસ્થ સ્વરૂપ એટલે આપણા સ્વરૂપનાં અંતરતમ ભાગમાં રહેલ પ્રભુનો અંશ. તે અંશ આપણા સ્વરૂપના અન્ય ભાગોને આધાર આપે છે. તે અંશ સનાતન છે અર્થાત્ જન્મ - મૃત્યુની પ્રક્રિયામાંથી પસાર થતો હોવા છતાં તે તેથી પર છે.

આ કેન્દ્રસ્થ રૂપનાં વળી બે સ્તર અથવા કક્ષાઓ છે. ઊર્ધ્વમાં રહેલ જીવાત્મા એ આપણું સાચું દિવ્ય સ્વરૂપ છે અને તે જ ખરેખર પરમપ્રભુનો અંશ છે. તે બાબતમાં આપણે આત્મજ્ઞાન થયા બાદ જ સભાન બનીએ છીએ. તે જીવનનાં આવિર્ભાવમાં

પ્રવેશતો નથી પણ ઊર્ધ્વમાં રહી અધ્યક્ષ જેવો ભાગ ભજવે છે.

બીજો સ્તર કે કક્ષા છે ચૈત્યપુરુષની. તે જીવાત્માદ્વારા પ્રભુ પ્રત્યે સમર્પિત હોય છે અને પોતાને પ્રભુનું બાળક ગણે છે, ભક્ત ગણે છે. તેના સમર્પણભાવને કારણે તે પ્રભુ સાથે ભાવાત્મક એકતા અનુભવે છે. તે આપણાં મન, પ્રાણ, શરીરની પાછળ રહી તેમનાં કાર્યોને ટેકો આપે છે. એક રીતે તે જીવનમાં પ્રવેશીને પોતાના દિવ્ય-સ્વરૂપની રચના કરતો હોય છે. દિવ્ય-સ્વરૂપની રચના એટલે મન, પ્રાણ, શરીરનાં જેટલાં અંશો દિવ્ય-બને તેમને પોતાના કાયમી ભાગ બનાવી પોતાનું વિશિષ્ઠ સ્વરૂપ રચે છે. આ સ્વરૂપ જીવાત્માએ ધારણ કરેલાં પ્રભુનાં સંકલ્પાનુસાર જ રચાતું હોય છે અને ચૈત્યપુરુષ આ બાબતમાં જીવાત્મા તરફથી જ પ્રેરણા મેળવતો હોય છે. (શિવલિંગમાં થાળા બહારનો ભાગ જીવાત્મા છે અને થાળામાં દટાએલો ભાગ ચૈત્યપુરુષ)

જીવાત્મા સદા પ્રભુ સાથે એકરૂપ હોય છે અને તેમાં જ સ્થિર હોય છે. ચૈત્યપુરુષ જેને 'જીવ' પણ કહે છે તે સક્રિય જીવનમાં પ્રવેશી પ્રભુ સાથે સમર્પણભાવથી સક્રિય એકાત્મા અનુભવે છે. જીવાત્મા પોતાને પ્રભુના અનંત કેન્દ્રોમાંનું એક કેન્દ્ર તરીકે અનુભવે છે, કારણ તેણે પ્રભુનો એક ખાસ સંકલ્પ ધારણ કરેલ હોય છે. ચૈત્યપુરુષ પોતાને જીવાત્માએ ધારણ કરેલ સંકલ્પ (ઋતમ્)ના આવિર્ભાવ-કેન્દ્ર તરીકે અનુભવે છે. સારાંશ જીવાત્મા પ્રભુનો એક અંશ છે પણ પૂર્ણપ્રભુ નહિ. ચૈત્યપુરુષ પ્રભુના એક સંકલ્પનું આવિર્ભાવ કેન્દ્ર છે અને તે પણ પૂર્ણપ્રભુ નથી જ. આ વાસ્તવિકતા ભૂલતાં જ સાધક સાધના દરમિયાન પોતાને અવતાર સમજવાનો ભ્રમ સેવતો થાય છે.

સંસ્કૃતમાં જીવાત્મા શબ્દનાં બે અર્થ છે :

૧ જીવાત્મા એટલે સજીવ પ્રાણી

૨ જીવાત્મા એટલે વ્યક્તિગત ચેતના (જીવ અર્થાત્ ચૈત્યપુરુષ), જે જન્મોની પ્રક્રિયામાં પ્રવેશીને વિકસતો હોય છે, તેના આધાર તરીકે રહેલ પરમ-પ્રભુનો અંશ જે જન્મમરણની પ્રક્રિયાથી પર છે, અલિપ્ત છે. ગીતા તેથી તેને પરમાત્માનો શાશ્વત અંશ કહે છે. તેથી જીવાત્મા એટલે પ્રાણીમાત્રની વ્યક્તિ-ચેતનાનો આધારભૂત પ્રભુનો અંશ. અદ્વૈત વેદાંતમાં આત્મા અવિભાજિત હોવાથી જીવાત્મા તરીકેનું તેનું અલગ અસ્તિત્વ માન્ય રાખેલું નથી. રામાનુજાચાર્ય વિશિષ્ઠાદ્વૈતમાં તેનું અસ્તિત્વ માન્ય રાખે છે પણ સ્વતંત્ર-અસ્તિત્વ નકારે છે. મધ્વાચાર્યનાં શુદ્ધ દ્વૈતમાં તે કેન્દ્રસ્થ સ્વરૂપ છે. તે આપણી વિકાસ પ્રક્રિયાનાં અધ્યક્ષ સ્થાને છે. જીવાત્મા વ્યક્તિગત હોવા છતાં તે વૈશ્વિક-ચેતના અને વિશ્વાતીત ચેતના સાથે એકરૂપ થએલો હોય છે અને તેથી બધાં સાથે એકરૂપતા અનુભવી શકે છે અને બધાં અવિર્ભાવોથી પર છે એવું પણ અનુભવે છે. ભૂતમાત્ર (સર્વભૂતાનિ)એ જીવાત્મા નથી. તે તો ચૈત્યપુરુષના અધૂરાં આવિર્ભાવો માત્ર છે.

જીવ અર્થાત્ ચૈત્યપુરુષ જીવાત્માનો જ ચિત્તમાં પ્રક્ષેપિત ભાગ હોય છે, તેથી તેને ચૈત્યપુરુષ કહેવાય છે. તે એક પ્રકાશમય જ્યોત કે સ્ફુલિંગ સ્વરૂપ છે. તે પોતાની દિવ્ય-પ્રકૃતિને વિકસાવી પોતાના સ્વરૂપને ઘાટ આપે છે. આ પ્રક્રિયા જન્મોજન્મ ચાલતી હોય છે. તેમાં તે અપરાપ્રકૃતિનાં મન, પ્રાણ, પાર્થિવતત્ત્વને શુદ્ધ અને દિવ્ય કરીને પરાપ્રકૃતિમાં રૂપાંતરિત કરી પછી તેને પોતાના સ્વરૂપના ભાગ તરીકે સ્વીકારે છે. અપરા પ્રકૃતિ એટલે અધૂરી, અશુદ્ધ, મલિન, ગાંઠાળી, અપ્રકાશિત, અવચેતન અને અચેતનનાં પ્રભાવ નીચે કાર્ય કરતી પ્રકૃતિ.

પરમાત્મા પોતે શુદ્ધ અસ્તિત્વ માત્ર છે (સત્-સ્વરૂપ) પણ તે પોતાના અસ્તિત્વનો અનુભવ લઈ આનંદ માણી શકે છે (આનંદ-સ્વરૂપ) તેને "being" કહેવાય છે. તે એકમાત્ર પરમાત્મા જ્યારે પોતાની દિવ્ય પ્રકૃતિની મદદથી અનંતરૂપો ધારણ કરવાની પ્રક્રિયા શરૂ કરે છે ત્યારે સંભવન-પ્રક્રિયા (becoming) શરૂ થાય છે. તે પ્રક્રિયાથી જ તે 'જીવ' કે ચૈત્યપુરુષ બને છે (પરાપ્રકૃતિજીર્વભૂતા). ચૈત્યપુરુષ પણ સનાતન છે, અક્ષર છે; કારણ અમુક - નિશ્ચિત શક્યતાઓને પોતામાં ધારણ કરી રાખેલ છે. તે શક્યતાઓને તે ઉત્ક્રાંતિ દ્વારા ભૌતિક-સ્તરે ચૈતસિક - વ્યક્તિ તરીકે વાસ્તવિક કરવાનો જ છે, પણ તેનું મૂળ આત્મ-સ્વરૂપ જીવાત્મા તો વિશ્વાતીત વસ્તુ છે. જીવાત્માનું કેન્દ્ર મસ્તકની ઉપર છે પણ ચૈત્યપુરુષનું હૃદયમાં ખૂબ ઊંડેઊંડે. તે આધ્યાત્મિક જ્ઞાન કરતાં આધ્યાત્મિક લાગણીઓથી ભરપૂર છે. આધ્યાત્મિક જ્ઞાન તો જીવાત્મામાં છે, જ્યાંથી ચૈત્યપુરુષ પ્રેરણા લે છે. ચૈત્યપુરુષ મન, પ્રાણ, શરીરનાં અંતરતમ ભાગોની પણ પાછળ રહેલ છે અને તેમની દ્વારા અને તેમની ઉપર કાર્ય કરે છે. વિકસિત અવસ્થામાં તે સીધેસીધો ભૌતિક-જીવન ઉપર પ્રભાવ પાડે છે. તેના પ્રભાવને કારણે શુદ્ધ મનોમય, પ્રાણમય અને પાર્થિવ પુરુષને ભાવિનાં એંધાણ મળતાં હોય છે. કારણ તેઓ પ્રકૃતિનાં ગુહ્ય-બળો સાથે તો ચૈત્યપુરુષનાં જ પ્રતિનિધિ સ્વરૂપ હોય છે. જેમજેમ આ ત્રણે પ્રતિનિધિ ચૈત્યપુરુષનાં પૂર્ણપ્રભાવ નીચે રહેવા માંડે છે તેમતેમ તેઓ પોતાની પાછળ રહેલા ચૈત્યપુરુષ બાબત સભાન બનતા જાય છે અને તેનો પ્રભાવ વધારે ને વધારે સન્નિષ્ઠભાવે ઝીલતા જાય છે. આને જ ચૈત્યપુરુષનું અગ્રભાગે આવવું એમ કહેવાય છે.

પણ શરૂઆતમાં પ્રકૃતિનો બાહ્ય અને આંતરભાગ ચૈત્યપુરુષનો પ્રભાવ ઝીલવા સક્ષમ હોતા નથી. આ બધું સ્પષ્ટ રીતે સમજાવવું બહુ જ મુશ્કેલ છે, કારણ તે વસ્તુ અનેક રીતે સમજી શકાય છે. અધિમનસ અંતે મનનો જ અંતિમ ભાગ હોવાથી તેનાં દર્શનમાં પણ આવી વિવિધતા આવી જાય છે જે ખરેખર આંશિક દર્શનો જ હોય છે પણ તે તેમને અંતિમ સમગ્ર સત્ય સમજીને વિવિધ સિદ્ધાંતો રચે છે.

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો
(પૃ.૨૯૫-૩૦૭)

૧ ઉપનિષદો ભારતીય મનનાં સર્વોત્કૃષ્ટ સર્જનો છે. અખૂટ પ્રકાશ, શક્તિ અને ભૂમાના દૈવીજ્ઞાન વિષયક અને અંતઃપ્રજ્ઞાત્મક દર્શનના દસ્તાવેજો છે. પૃ.૨૯૫
૨ જ્યાં (ઉપનિષદોમાં) દર્શન, ધર્મ અને કાવ્ય એકત્વને પામે છે. પૃ.૨૯૫
૩ (ઉપનિષદો) જોવાએલા, અનુભવાયેલા, જીવાએલા, અંતરતમ, મન અને આત્માએ ધારણ કરેલા સત્યના ઉદ્‌ગારો છે. પૃ.૨૯૫
૪ ઉપનિષદોના વિચારો પાયથાગોરસના ઘણાખરા વિચારોમાંથી અને પ્લેટોમાંથી પુનઃ પ્રાપ્ત થાય છે. પૃ.૨૯૬
૫ ઉપનિષદો વેદાંત છે. વેદના કરતાંય વધારે ઊંચી કક્ષાએ જ્ઞાનના ગ્રંથ છે. પૃ.૨૯૭
૬ બૌદ્ધધર્મનાં અને..... હિન્દુધર્મના સર્વોચ્ચ નીતિ સંબંધી આચરણો (સ્વરૂપ) એવાં સત્યોનાં જીવન અને વિશેષતાના હજુય આવિર્ભાવો છે. પૃ.૨૯૮
૭ પ્રત્યેક ઉપનિષદની રચનામાં સામંજસ્યપૂર્ણ ભાગોનું એક સુસંકલિત અનુસંધાન છે. પૃ.૨૯૯
૮ ઉપનિષદોનું છંદાત્મક બંધારણ ચાર ચાર ચરણોનું બનેલું છે. પૃ.૩૦૦
૯ પ્રતીકાત્મક વૈદિક વાણીમાં જે રહસ્ય અને ગુપ્ત તરીકે ઢાંકેલું ગણાતું તેને ખુલ્લી અભિવ્યક્તિમાં બહાર આણવાના અર્થમાં... વિસ્તારકારી રૂપાંતર હતું. પૃ.૩૦૦
૧૦ આધ્યાત્મિક સાક્ષાત્કારની..... ત્રણ અવસ્થાઓ છે, બાહ્ય, માનસિક અને અતિમાનસિક. પૃ.૩૦૩
૧૧ (ઉપનિષદો) ભારતીય કલા, કવિતા અને સાહિત્યનું સમગ્રભાવી આદિ સ્રોત છે. પૃ.૩૦૬

## ઉપનિષદોનું પ્રજ્ઞાજ્ઞાન

પ્રકરણ - ૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ઉપનિષદો ભારતીય સર્જનનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે. એકી વખતે આવા અદ્વિતીય સર્જનોનું પૂર આવ્યું એ એક આશ્ચર્ય જ છે. તેની રચના પદ્યાત્મક પણ છે, ગદ્યાત્મક પણ છે. પણ તેમાં અધ્યાત્મજ્ઞાનનો પરમ ઉલ્હાસ છે. જાણે દર્શન, ધર્મ

અને કાવ્યનો ત્રિવેણી સંગમ રચાયો હોય એવું લાગે છે, તે અંતઃપ્રજ્ઞાએ પ્રત્યક્ષ અનુભવેલી, જીવેલી અનુભૂતિઓનું આલેખન છે, તેથી તેમાં એક સત્તાવાહી સચ્ચાઈનો રણકાર અનુભવાય છે. કઠોપનિષદ કહે છે એમ ઉપનિષદોમાં શુદ્ધ પ્રાણની તળપદી ભાષામાં સમર્થ અભિવ્યક્તિ છે.

દુર્ભાગ્યે યુરોપીય ટીકાકારો આ અંતઃપ્રજ્ઞાનું મહત્ત્વ ઓળખી શકતા નથી, કારણ તેમના મતે બુદ્ધિ જ જ્ઞાનાર્જનનું સર્વશ્રેષ્ઠ સાધન છે. ઉપનિષદો તો અંતઃપ્રજ્ઞાએ સાંભળેલાં અને જોએલાં સત્યો હતાં, શુષ્કતર્ક નહોતા. આ જ સત્યોનાં ભણકારા પાયથાગોરસ અને પ્લેટોના વાંગ્મયમાં ફરી સંભળાય છે. પશ્ચિમના જ્ઞેયવાદ (Gnosticism)નો તે મૂળ આધાર છે. જર્મન તત્ત્વજ્ઞાને ઉપનિષદોની બૌદ્ધિક નકલ કરી છે, પણ તેમાં વિકૃતિઓ આવી ગએલ છે. આમ ઉપનિષદોનો સમગ્ર જગતમાં દૂરગામી પ્રભાવ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ફેલાએલો છે.

પણ ઉપનિષદો કોઈ બૌદ્ધિક તત્ત્વજ્ઞાન નથી. વેદોના શિરોમણી રૂપ હોવાથી તેમને વેદાંત કહેવાય છે. તે જ્ઞાનના ગ્રંથો છે પણ તે જ્ઞાન બૌદ્ધિક નથી પણ વિજ્ઞાન છે, પ્રજ્ઞાથી જાણેલાં છે, આંતરપ્રેરણાથી મેળવેલું તે જ્ઞાન છે.

હિન્દુ અને બૌદ્ધધર્મની નીતિ-વિષયક માન્યતા તેના ઉપર જ આધારિત છે. ઉપનિષદોમાં પ્રભુ સાથે અને સર્વ સજીવો સાથેની એકરૂપતા સાધીને પ્રભુના પ્રેરણાનુસાર નિમિત્તભાવે કર્મો કરવાની કળા દર્શાવેલી છે. તેમાં ગહન પરાભક્તિ અથવા એકાંતિકાભક્તિનો આનંદ છે. ઉપનિષદો અનેક હોવા છતાં તેમાં સુસંવાદિતા અને સંકલન દેખાય છે કારણ બધાંનો મૂળસ્રોત એક જ છે અને તે છે પરમ-ચેતનાનો સાક્ષાત્કાર.

ઉપનિષદોમાંનાં છંદોબદ્ધ મંત્રોનાં ચાર ચરણ હોય છે. પ્રથમ બે ચરણમાં કોઈ ખાસ સત્યની વાત કરી હોય છે જે બીજા ચરણના સત્ય સાથે સંબંધિત હોય છે. ઉપનિષદોના પ્રતીકો વૈદિકભાવનાને પોષક હોય છે પણ ઉપનિષદોમાં સત્યના ઝબકારાને વિસ્તૃત રીતે સમજાવવામાં આવતું નથી. કારણ તેવા ઝબકારા સાથે તત્કાલિન સમાજ પૂરેપૂરો પરિચિત હતો, પણ આજના ટીકાકારોને તેમની વચ્ચેની સુસંગતતા જડતી ન હોવાથી તેઓ ગૂંચવાઈ જાય છે. પોતાની નબળાઈને તે ઉપનિષદોના માથે ઠોકી બેસાડે છે. ઉપનિષદની વાણી ગૂઢ છે એ વાત સાચી જ છે પણ એક વખત તેમનાં પ્રતીકોનો અર્થ સમજાઈ જાય તો પછી તેમાં કોઈ ગૂઢતા દેખાતી નથી. બધું જ સ્પષ્ટ દેખાવા માંડે છે. વૈદિક દેવોની વિશિષ્ટક્ષમતા અને તેમનો અન્ય દેવો સાથેનો સંબંધ ઉપનિષદોમાં સ્પષ્ટ જણાવેલો દેખાય છે. દા.ત. સૂર્યનું કાર્ય તેમ જ ઈન્દ્ર કાર્ય. તૈતરીય ઉપનિષદમાં ઈન્દ્ર વિષે નીચે મુજબ કહેવાયું છે, ''ઈન્દ્ર વિશ્વરૂપ વૃષભ છે. તે અમૃતના છંદોમાંથી જન્મ્યો

છે. તે ઈન્દ્ર મેધા આપો.'' (૪.૧)

અહીં ઈન્દ્ર એટલે પ્રકાશમય મન. તે વૈશ્વિક ચેતના સ્વરૂપ છે (વૃષભ એટલે ચેતના) અર્થાત્ તે વૈશ્વિક તત્ત્વ છે. તેમાં નિરાકાર ચેતના (અમૃત)માંથી જ્ઞાનના પ્રવાહનાં અવતરણ સ્વરૂપ લહેરો (છંદ) અંતઃકરણમાં ઉતરે છે ત્યારે પ્રકાશમય મન (ઈન્દ્ર) પ્રગટ થાય છે તે મેધા-શક્તિ આપે છે જે અતિન્દ્રિય જ્ઞાનાર્જનની શક્તિ છે. પરમ-ચેતનાનું જ્ઞાનમય પાસું એટલે પ્રજ્ઞાનં અર્થાત્ પ્રજ્ઞા. તેમાંથી જ નિમ્ન મન, પ્રાણ, શરીરના અજ્ઞાનનો નાશ કરનાર મેધા-શક્તિ જન્મે છે. મેધ એટલે નાશ કરનાર, શુદ્ધ કરનાર શક્તિ. મનના, પ્રાણના, શરીરનાં શુદ્ધિકરણની પ્રક્રિયાને જ નરમેધ, અશ્વમેધ અને ધર્મમેધ યજ્ઞ કહે છે.

ઈશોપનિષદમાં સૂર્યનું કાર્ય વર્ણવ્યું છે, ''સત્યનું મુખ સોનાના ઢાંકણથી ઢાંકેલું છે તે હે પુષન, હે યમ, હે પ્રજાપતિના પુત્ર, તમે વિવિધ કિરણોના સમુદાયને વ્યવસ્થિત ગોઠવો.''

અહીં સૂર્ય એટલે આત્માનો જ્ઞાનાત્મક પ્રજ્ઞાનો પ્રકાશ તેને કારણે સત્ય ઢંકાએલું છે અર્થાત્ દિવ્યજ્ઞાનના પ્રભાવ નીચે આપણે સત્યને સ્પષ્ટ રીતે જોઈ શકતાં નથી. સમાધિમાં ઉતરી જઈએ છીએ. સત્ય ચેતનામાં ઓગળી જઈએ છીએ. આ સૂર્ય આપણી ચેતનાને વિકસવા પોષણ આપે છે (પૂષન્) તે તેને આડી અવળી ભટકવા દેતો નથી. (યમ) તે આપણા બધાં જ અશુદ્ધ તત્ત્વોને દિવ્ય બનાવી નવું રૂપ આપે છે (પ્રજાપતિના પુત્ર). આ વિવિધ રૂપાંતરના કાર્યથી સૂર્ય આપણા સ્વરૂપમાંનાં બધાં તત્ત્વોમાં આત્મપ્રકાશને પ્રગટ કરે છે (રશ્મિન્). તેમને સંઘટિત કરે છે (વ્યૂહ) અને દિવ્ય-દેહ રચે છે, ત્યારે જ સંપૂર્ણ સત્યનાં દર્શન થાય છે. સાધક સભાન રીતે સત્યના સ્વભાવને (સત્યધર્મ) સમજે છે. સત્યનો ધર્મ એટલે ચેતનાની ઉત્ક્રાંતિ, તેનું રહસ્ય તેને સમજાય છે.

પ્રશ્નોપનિષદનો કટકો જોઈએ - ''ૐ જ બ્રહ્મ છે જે તેની એક માત્રાનું ધ્યાન કરે છે તેને અગ્નિ જ્ઞાન પ્રાપ્ત કરે છે તેને ઋગ્વેદ માનવલોકમાં લઈ જાય છે. જે બે માત્રાનું ધ્યાન કરે છે તેને વિદ્યુતરૂપી યજુર્વેદ અંતરીક્ષમાં લઈ જાય છે અને ચંદ્રલોકને પામે છે. જે ત્રણ માત્રાનું ધ્યાન કરે છે, તેને સૂર્યરૂપી સામવેદ સૂર્યલોકમાં લઈ જાય છે. આ મંત્રમાં પરમચેતનાના નાદમાંથી સ્થૂળશરીર, સૂક્ષ્મશરીર અને કારણશરીર રૂપી ત્રણ માત્રા નિર્માણ થઈ એમ જણાવેલ છે. સ્થૂળ શરીર દ્વારા પ્રગટ થતી ચેતના એટલે અગ્નિ, સૂક્ષ્મશરીર દ્વારા પ્રગટ થતી ચેતના એટલે વિદ્યુત, કારણશરીર દ્વારા પ્રગટતી ચેતના એટલે સૂર્ય. ઋગ્વેદ ભૌતિક શરીરના રૂપાંતરનું જ્ઞાન આપે છે. યજુર્વેદ સૂક્ષ્મ

(પૃ.૮ ઉપર)

# યોગમાર્ગોનો સમન્વય

- શ્રી અરવિન્દ

**અવતરણો** - (ભૂમિકા - પૃ.૯-૧૮)

૧ યોગના વિકાસમાં..... ખાસ હેતુથી અલગ અલગ રસ્તા લેવાનું વલણ રહેતું હતું. પૃ.૯

૨ પ્રકૃતિ..... વિશ્વમાં કાર્ય કરી રહેલી જગતનિયંતા પ્રભુની પોતાની શક્તિ છે.... ડહાપણપૂર્વક કાર્ય કરી રહેલી ''પ્રજ્ઞા'' છે. (પ્રજ્ઞા પ્રસૂતા પુરાણી - ગીતા) પૃ.૯

૩ ભાવિ ઉત્ક્રાંતિ ત્રણ ક્રમિક પગલાં ઉપર આધાર રાખે છે. પૃ.૧૦

૪ પ્રકૃતિએ પહેલા પગલાં તરીકે જીવતું શરીર બરાબર સ્થાપી દીધું છે. પૃ.૧૨

૫ પૈડાંની નાભિમાં જેમ આરાઓ તેમ પ્રાણમાં બધું પ્રતિષ્ઠિત થએલું છે (બીજું પગલું) પૃ.૧૨

૬ મનોમય સ્વરૂપ જ (પ્રાણ - શરીરનેતા - મુંડક -૨.૭) પ્રાણ અને શરીરને દોરનાર મનોમય પુરુષ છે. પૃ.૧૩

૭ પ્રકૃતિએ માનસિક જીવનને પૂરેપૂરું વિકસાવી લીધેલ નથી. પૃ.૧૩

૮ વિજ્ઞાનમય કોષ એ જ્ઞાનનું તત્ત્વ છે. પૃ.૧૮

## પ્રકૃતિનાં ત્રણ પગલાં

**સમજૂતી** - માનસિંહ ચાવડા

યોગમાં હાલમાં અલગ અલગ યોગ-પદ્ધતિઓ પ્રચલિત છે. તેમનો સમન્વય વિવેકબુદ્ધિથી કરવો જરૂરી છે. તે માટે દરેક યોગ પ્રણાલીની બે બાબતો જાણી લેવી જરૂરી છે :

૧ કયા હેતુથી આ ખાસ યોગ-પ્રણાલી નિર્માણ થઈ.

૨ તેની પદ્ધતિનો જીવનમાં ઉપયોગ કેટલો ?

પ્રકૃતિ એ પ્રભુની જ પોતાની શક્તિ છે. ગીતા તેને પ્રજ્ઞાશક્તિ કહે છે (પ્રજ્ઞાં પ્રસુતા પુરાણી) તે પોતે પૂરેપૂરી સભાન છે એમ ''પ્રજ્ઞા'' શબ્દ સૂચવે છે (પ્રકર્ષેણજ્ઞાયતે ઈતિ પ્રજ્ઞા) પણ બહારથી તે યાંત્રિક પ્રક્રિયા લાગે છે. આ પ્રકૃતિનો કાર્ય કરવાનો કેન્દ્રસ્થ હેતુ શું છે તે જાણવું જરૂરી છે કારણ ખાસ યોગપદ્ધતિ તે હેતુના જ કોઈ ખાસ પાસા ઉપર વધારે ભાર મૂકે છે અને તે ખાસ પાસાને - તત્ત્વને વિકસાવનારી ખાસ શક્તિ કઈ ? આ

બન્નેનો જવાબ દરેક યોગ પદ્ધતિની સમજણ આપે છે જે સમજણ મદદરૂપ થશે.

જગતમાં ઉત્ક્રાંતિ દ્વારા વિકાસ સધાઈ રહ્યો છે. ભાવિ વિકાસ ત્રણ ક્રમિક તબક્કારૂપે થશે - ભૂતકાળમાં સધાએલી ઉત્ક્રાંતિ, વર્તમાનકાળમાં સધાતી ઉત્ક્રાંતિ અને ભવિષ્યમાં સધાવાની ઉત્ક્રાંતિ.

ક્રાંતિ કાંઈ પ્રાણીના રેલાની જેમ સતત આગળ જ વધતી નથી પણ તેમાં સમુદ્રની ભરતીની જેમ ઉછાળા આવે છે અને ઓટની જેમ પીછેહઠ પણ થાય છે, તેથી ભવિષ્યમાં થનારી ઉત્ક્રાંતિ કદાચ ભૂતકાળમાં અલ્પકાળ માટે સધાઈ ગઈ પણ હોઈ શકે છે પણ તેને સમગ્ર સમાજ ધારણ ન કરી શક્યો એટલે પ્રકૃતિને પીછેહઠ કરવી પડી છે.

પ્રકૃતિએ અત્યાર સુધી માનવ-શરીર વિકસાવ્યું છે, જેમાં જડપાર્થિવતત્ત્વ, પ્રાણતત્ત્વ અને મનસ્તત્ત્વનો શક્ય તેટલો સમન્વય કરવામાં આવ્યો છે. ઐતરેય-ઉપનિષદમાં દેવોએ જંતુઓનું પાર્થિવ શરીર અને પ્રાણીઓનું પ્રાણમય શરીરને નાપસંદ કરી માનવી-ખોળિયાને પસંદ કર્યાની આખ્યાયિકા છે. આ માનવી શરીરદ્વારા જ પૃથ્વી ઉપર પ્રભુને પ્રગટ કરવા છે. તે જ પ્રકૃતિનો ધર્મ, કર્તવ્ય કે હેતુ હોવાથી આ માનવ-શરીરને ધર્મનું મૂળ સાધન ગણ્યું છે (શરીરમાદ્યં ખલુધર્મ સાધનમ્). આ રીતે માનવી શરીર પ્રકૃતિના યોગનું હાલના તબક્કે મૂળ સાધન થઈ જાય છે, આધાર બની જાય છે.

આ શરીરરૂપી મૂળ આધારમાં પ્રાણમય અને મનોમય શક્તિ રહેલ છે. તેમાં પણ મૂંડકોપનિષદ જણાવે છે તેમ મનોમયઃ પ્રાણ-શરીરનેતા અર્થાત્ મન એ પ્રાણ અને શરીર બન્નેનો નેતા છે. પ્રાણ જીવન-શક્તિ છે, પાર્થિવતત્ત્વ તેનો આધાર છે અને મન તેને ઘાટ આપનાર નેતા છે. બધાં જ તત્ત્વોની શક્તિ પ્રાણશક્તિનાં જ વિવિધ રૂપો છે. પ્રશ્નોપનિષદ જણાવે છે કે જેમ આરા પૈડાંની નાભિમાંથી નીકળે તેમ પ્રાણરૂપી નાભિમાંથી બધાં જ તત્ત્વોની શક્તિ પ્રગટ થઈ છે. અહીં પ્રાણ એટલે પ્રભુની સર્જન-શક્તિ.

આપણી માનસિક-શક્તિ હજી પૂર્ણ વિકાસ પામેલ નથી. દૈવી-મન (અધિમનસ) હજી બધાંને જ પ્રાપ્ત થએલ નથી. આંતરપ્રેરણાત્મક મન પણ બધાંને જ વારસામાં વિકસિત સ્વરૂપે મળતું નથી. સામાન્ય મનમાંથી હજી પ્રતિભા ધીમે ધીમે વિકાસ પામી રહી છે. પ્રકાશમય મન હજી ઘાટ લઈ રહ્યું છે. તેની શક્તિ જ પ્રતિભા છે.

પણ પ્રકૃતિએ ભૂતકાળમાં ઉછાળો મારી મનના ઊર્ધ્વ પ્રદેશો ભૂતકાળમાં પ્રાપ્ત કરી લીધેલાં હતાં. ઉપનિષદકાળ તેનું ઉદાહરણ છે. પછી તેમાં ફરી ઓટ આવી છે અને ફરી આપણે તે શિખર સર કરવાનું છે. બધી જ સંસ્કૃતિમાં સ્વર્ગમાંથી પતનની દંતકથા આવે છે.

માણસની માનસિક-શક્તિઓ પૂરેપૂરી ખીલે માટે જરૂરી વાતાવરણ રચાઈ રહ્યું છે.

કેળવણીનો પ્રચાર, દલિત વર્ગોનો ઉદ્ધાર, ઔદ્યોગિક ક્રાંતિ દ્વારા શ્રમની બચત, આ બધાં મજબૂત આધાર રચવાના જ વિવિધ પ્રયત્નોમાત્ર છે. પણ આનો અર્થ એ નથી કે માનસિક-વિકાસ જ ઉત્ક્રાંતિનું ધ્યેય છે. ઉત્ક્રાંતિ તો મનોમય વિકાસની પણ પેલેપાર રહેલ અન્ય અતિમાનસિક ક્ષમતા માટે આ આધાર રચી રહી છે, તે જ યોગમાર્ગનું પણ ધ્યેય છે.

ઉપનિષદો ત્રણ દેહની વાત કરે છે. અન્નમય કોષનો બનેલો સ્થૂળદેહ, પ્રાણમય અને મનોમય કોષનું બનેલું સૂક્ષ્મ શરીર અને વિજ્ઞાનમય અને આનંદ કોષનું બનેલું વિજ્ઞાનમય - શરીર. વિજ્ઞાનમય કોષ એ આંતર-પ્રેરણાઓ દ્વારા મેળવેલ જ્ઞાન મેળવે છે. આનંદમય કોષ આત્માનંદ પ્રગટ કરવાનું સાધન છે. ઉત્ક્રાંતિને આગળ ધપાવનારી પ્રેરણાઓ કારણ-શરીરમાંથી જ આવતી હોય છે. આ રીતે જોઈએ તો આ બાહ્ય ઉત્ક્રાંતિ એ 'ઊલટો આવિર્ભાવ'નો દાખલો છે જેમાં ચેતનાનાં અવતરણ વખતે દિવ્ય અને સૂક્ષ્મ અવસ્થાઓ પહેલાં સર્જાઈ અને નિમ્ન અને અશુદ્ધ અવસ્થાઓ પાછળથી નિર્માણ થઈ છે. હવે ફરી દિવ્ય અને સૂક્ષ્મ અવસ્થાઓ રચાશે.

માનવ જ્યારે મનના ઉપરની આ અતિમાનવી કક્ષા પ્રાપ્ત કરશે ત્યારે અસ્તિત્વની સીડી ઉપર, ઉપરનીચે ચઢઉતર કરીને બધાને જ સમન્વયમાં ગોઠવી શકશે.

આમ પ્રકૃતિનાં કાર્યના ત્રણ તબક્કા સ્પષ્ટ દેખાય છે :

૧ ભૌતિક શરીરનો દૃઢ આધાર રચવો.

૨ મનોમય વિકાસ કરી તેના બળે ભૌતિક-શરીરને ઊર્ધ્વ-ચેતનાઓ ધારણ કરવા સક્ષમ કરવો.

૩ ઊર્ધ્વ શક્તિઓનું નિમ્ન કરણોમાં (સૂક્ષ્મ અને સ્થૂળ શરીરમાં) અવતરણ કરી તે કરણોનું રૂપાંતર કરીને દિવ્ય-શરીરની રચના કરવી જે પ્રભુને પ્રગટ કરી શકે. આ જ જીવનનો અને યોગનો અંતિમ હેતુ છે.

---

(પૃ.૩૫ ઉપરથી)

## અરવિન્દોપનિષદ

તે બધે આનંદ જ ભોગવે છે. જો તે આનંદ ન ભોગવી શકે તો તેનો નાશ જ થઈ જાય કારણ આનંદમય સ્વરૂપ તો આત્માનું જ મૂળભૂત સ્વરૂપ છે. તે જ અપ્રગટ રહે તો આત્મતત્ત્વ જ અપ્રગટ રહે. એ જ તો તેનું મૃત્યુ બની રહે. માણસ કાયમી સ્વરૂપે અપ્રગટ થાય છે, ત્યારે તે મરી ગયો એમ જ સમજીએ છીએ ને ?

સારાંશ સુખ અટલે આત્માની આનંદ ભોગવવાની ક્ષમતા અને દુઃખ એટલે આનંદ ભોગવવાની અક્ષમતા. બન્ને પરિસ્થિતિમાં આનંદ તો હોય જ છે, પણ બન્નેમાં ભોગવવાની ક્ષમતા નથી. આ અક્ષમતા જ દુઃખરૂપ છે.

# અરવિન્દોપનિષદ

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## દુઃખ એટલે અવ્યક્ત આનંદ

પ્રકરણ - ૨૩

**યો હિ જીવઃ સ આનંદમયઃ । પ્રચ્છન્નો ભગવાન્ સ્વયંપ્રકાશમયં જગત્ બ્રહ્મ ભોક્તુમ્ અવતીર્ણઃ । ય એષ દુખભોગઃ સ ભોગ એવ । આનંદમયઃ તસ્યાનંદમેવ આનંદમયો ભુંક્તે । કો હિ નિરાનંદં ભોક્તુમ્ ઉત્સહેત । યઃ સર્વાનંદમયઃ સ એવ ઉત્સહતે । નિરાનંદમયસ્તુ નિરાનંદં ભુજાનઃ । ન ભુંજીત આનંદ વિના પ્રણશ્યેત્ ।**

જે જીવ છે તે તો આનંદમય જ છે (જેમાં સત્ અને ચિત્ આવી જ જાય છે) તે જીવ એટલે ગુપ્ત સ્વયંપ્રકાશ સ્વરૂપ બ્રહ્મ જ છે, ભગવાન જ છે. જેણે જગતસ્વરૂપ બનેલાં બ્રહ્મનો ભોગ લેવા માટે જન્મ લીધો છે. આ જે દુઃખરૂપ ભોગો લાગે છે તે પણ આનંદમય ભોગ જ છે. જીવ જે આનંદમય છે તે તેનો પોતાનો જ આનંદ ભોગવે છે, જેને આનંદ શું છે તે ખબર જ નથી એવો આનંદવિહીન આનંદ ભોગવવા માટે ઉત્સાહિત કેવી રીતે થાય ? જે પોતે આનંદમય છે અર્થાત્ આનંદ શું છે તે જાણે છે તે જ આનંદ ભોગવવા માટે ઉત્સાહ દર્શાવે. આનંદવિહીન તો આનંદવિહીનતા જ ભોગવતો હોય છે. પણ જે આનંદમય છે તે જો આનંદ ન ભોગવે તો નાશ જ પામે ને !

શાસ્ત્રોમાં જીવાત્મા (જીવનો આત્મા) અને જીવ વચ્ચે તફાવત પાડેલો છે. જીવાત્મા એ પ્રભુનો અંશ છે. પ્રભુ સાથે એકરૂપ છે. તેણે પ્રભુનાં અનંત સંકલ્પો પૈકી એક વિશિષ્ઠ સંકલ્પ ધારણ કરી રાખેલો છે. તે જન્મતો પણ નથી અને મૃત્યુ પણ પામતો નથી. જીવનથી પર રહે છે પણ જીવનની જન્મમૃત્યુની પ્રક્રિયાને આધાર આપે છે. તેના અધ્યક્ષ તરીકે રહેલો છે. તેનો અનુભવ સાધકને અક્ષરપુરુષ તરીકે આવે છે. તે પોતાની જગ્યાએ પ્રગટ જ હોય છે. પ્રચ્છન્ન હોતો નથી, તેણે ધારણ કરેલા સંકલ્પને અભિવ્યક્ત કરવા જે એક આવિર્ભાવ કેન્દ્ર રચાએલું હોય છે તેને જીવ કહે છે. શ્રી અરવિન્દ તેને

ચૈત્યપુરુષ કહે છે કારણ તે ચિત્તનાં અતળ ઊંડાણમાં સ્થિત છે. તે જન્મ અને મૃત્યુની પ્રક્રિયામાંથી પસાર થાય છે. વિવિધ જન્મોમાં વિવિધ યોનિઓનાં શરીરો ધારણ કરે છે. પેલા સંકલ્પાનુસાર વિકાસ પામે છે, તેનો અનુભવ ક્ષરપુરુષ તરીકે થાય છે. તે જીવનની ઘટમાળમાં છૂપો રહે છે. પ્રસંગે જ પ્રગટ થતો હોય છે.

અહીં શ્રી અરવિન્દ આ ક્ષરપુરુષ વિષે, જીવ વિષે, ચૈત્યપુરુષ વિષે વાત કરી રહ્યાં છે. જીવાત્મા વિષેની આ વાત નથી.

આ જે ચૈત્યપુરુષ છે, ક્ષરપુરુષ છે તે ગુપ્તરીતે અર્થાત્ પોતાના અવ્યક્ત સ્તરે સત્ચિત્ત આનંદ સ્વરૂપ જ છે અર્થાત્ ભગવાન સ્વરૂપે જ છે અર્થાત્ ઢંકાયેલો છે, પણ વ્યક્ત સ્તરે તે ઢંકાએલો છે. પ્રચ્છન્ન છે તે આનંદમય છે અર્થાત્ અન્નમય અને ચિન્મય તો છે જ. તે પ્રકાશ સ્વરૂપ છે. આ તેનો પોતાનો પ્રકાશ છે. આત્માનો પ્રકાશ છે. તે બહારનાં સૂર્ય ચંદ્ર કે તારાઓના કે અગ્નિના પ્રકાશથી પ્રકાશિત નથી. સ્વયં પ્રકાશિત છે. આ સ્વયં પ્રકાશમાં જ તે આનંદ ભોગવે છે.

ખરેખર તો જેમ તે પોતે પ્રચ્છન્ન ભગવાન છે, પ્રચ્છન્ન આનંદમય છે તેમ જગત પણ પ્રચ્છન્ન ભગવાન જ છે. તે પણ પ્રચ્છન્ન આનંદમય જ છે, તેથી જ્યારે જીવ જગતનો ભોગ ભોગવે છે ત્યારે ખરેખર તે જગતનો ભોગ ભોગવતો હોતો નથી પણ આનંદમય પુરુષ પોતાના આનંદનો જ ભોગ ભોગવતો હોય છે. યાજ્ઞવલ્કયે પોતાની પત્નીને સંન્યાસ લેતા પહેલાં આવો જ ઉપદેશ આપેલો (નહિ પત્યસ્ય કામાય પતિ પ્રિયં ભવતિ આત્મનસ્ય કામાય પતિ પ્રિયં ભવતિ) બ્રહ્મતત્ત્વ જ બ્રહ્મને ભોગવે છે એ જ મૂળભૂત વાસ્તવિકતા છે.

તેથી જે સામાન્ય માનવને દુઃખભોગ લાગે છે તે ખરેખર દુઃખભોગ હોતા નથી પણ આનંદ ભોગવવાની અક્ષમતારૂપ હોવાથી તે દુઃખભોગ લાગે છે. જે વસ્તુ અનુકૂળ ન હોય તે જ દુઃખરૂપ લાગે છે. જ્યાં પ્રતિકૂળતા અનુભવાય ત્યાં આત્મભાવ હોતો નથી. આ આત્મભાવનો અભાવ એ જ દુઃખ સ્વરૂપે અનુભવાય છે. આત્મભાવ ન હોવાથી તે વસ્તુમાં અવ્યક્ત રહેલ આનંદમય તત્ત્વ પ્રગટ થઈ શકતું નથી. અવ્યક્ત જ રહે છે. આ તેની અવ્યક્તતા એ જ માનવને દુઃખ તરીકે જણાય છે. ત્યાં અવ્યક્ત આનંદનો ભોગ હોય છે, એટલો જ તફાવત છે. તેમાં પણ આનંદમય જીવ વસ્તુમાંના અવ્યક્ત આનંદને જે ગવાતો હોય છે, જ્યાં પ્રગટ આનંદને ભોગવતો હોય છે તે માનવને સુખરૂપ લાગે છે. જો જીવ આનંદવિહીન જ હોત તો તે ભોગ ભોગવવાની પ્રવૃત્તિ જ શા માટે કરત ? તેને તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ તેનું ભાન જ ન હોત ! જેને દરેક વસ્તુમાત્રમાંથી આનંદ ભોગવવાની ક્ષમતા છે, તેવો સર્વાનંદમય પુરુષ જ બધે ભોગ ભોગવવા પ્રવૃત્ત થાય છે. જે આનંદવિહીન છે તે તો સદા આનંદવિહીનતાને જ ભોગવી શકે અને જે આનંદમય છે

(પૃ.૩૩ ઉપર)

# રાષ્ટ્રીય શિક્ષણ

- શ્રી અરવિન્દ

## નૈતિક શિક્ષણ

અવતરણો

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ (પેજ ૩૬-૪૩) **પ્રકરણ - ૧૨**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ મનને શિક્ષણ આપવાથી હૃદયમાં સુધારો થાય જ એવું કાંઈ નથી. પૃ૩૬

૨ નૈતિક સ્વરૂપનો વિકાસ સાધવા માટે આપણે ત્રણ વસ્તુઓનું..... ધ્યાન આપવાનું હોય છે : (૧) માણસની લાગણીઓ (૨) તેના સંસ્કારો (૩) સ્વભાવ અથવા પ્રકૃતિ. પૃ.૩૭

૩ પોતાની અસલ પ્રકૃતિમાં જે ઊંડાં કુદરતી વલણો હોય છે તે પ્રમાણે જ તેણે વ્યવહારમાં સાચું આચરણ કરવું જોઈએ. પૃ.૩૭

૪ બાળકનાં હૃદય અને પ્રકૃતિને આપણા પક્ષમાં જીતી લઈ શકતા નથી ત્યાં સુધી - તે એક જડ વ્યવહાર થઈ જાય છે. પૃ.૩૭

૫ નીતિ અને ધર્મની કેળવણી પ્રત્યે પૂરેપૂરી ઉપેક્ષા કરીએ છીએ, તો તેથી પ્રજાની બરબાદી જ થાય છે. પૃ.૩૮

૬ હૃદયની કેળવણીનો ઉત્તમ..... રસ્તો એ છે કે આપણે બાળકને તેની પૂર્ણતાના સાચા માર્ગ ઉપર મૂકી આપીએ. પૃ.૩૮

૭ નૈતિક શિક્ષણનો પહેલો નિયમ : તેને વિકાસ માટે આમંત્રણ આપવાનું છે. પૃ૩૯

૮ બીજો નિયમ : આદર્શ મૂકવો જોઈએ - બ્રાહ્મણમાં - જ્ઞાનની તૃષા, આત્મ સમર્પણ, શુચિતા, પરિત્યાગ. ક્ષત્રિયમાં - હિંમત, ઉત્સાહ, સન્માન, કાર્યકુશળતા, ઉદ્યમ, વિશાળ દાનવૃત્તિ. શૂદ્રમાં આત્મ-વિલોપન, પ્રેમપૂર્વકની સેવા. આ બધાં આર્ય પુરુષનાં લક્ષણો છે..... આ આર્ય-જીવન માટે પોતાને તૈયાર કરવાની તકો આપવાની રહે છે. પૃ.૪૦-૪૧

૯ અનૈતિકતા પાપ કે અપરાધ નથી, પણ એક રોગનાં ચિહ્ન છે. પૃ.૪૧

૧૦ ત્રીજો નિયમ : ધર્મના દૃઢ સિદ્ધાંતો માણસને દંભી બનાવે છે..... તે દંભી ચોખલિયાંત, ક્રિયાકાંડવાદી રીઢો બની જાય છે. પૃ૪૨

૧૧ ધર્મનાં જે મૂળ તત્ત્વો છે, પ્રભુ અર્થે, માનવતા અર્થે, દેશને અર્થે, અન્યને અર્થે, બધામાં રહેલ આત્માને અર્થે જીવન ગાળવું. પૃ.૪૩

માનવની ચેતનાના વિકાસ માટે તેના વિચારો (બુદ્ધિ) અને ભાવના (ચિત્ત)ના વિકાસની જરૂર પડે છે. ફક્ત બુદ્ધિનો વિકાસ માણસને નિર્દય, નિષ્ઠુર, શુષ્ક, સ્વાર્થી બનાવી દે છે. જ્યારે ફક્ત ચિત્તનો વિકાસ તેને અવ્યવહારુ, અતિરેકી, અસ્થિર બનાવી દે છે. કારણ તે ભાવનાની થપેટોથી ફંગોળાતો રહે છે. ચિત્તની કેળવણીને જ નૈતિક કેળવણી કહેવાય છે.

શિક્ષણ પ્રણાલીમાં નૈતિક-શિક્ષણનો લગભગ સદંતર અભાવ જણાય છે, બુદ્ધિનો વિકાસ જેને આજે ખૂબજ મહત્ત્વ અપાય છે તે અપ્રત્યક્ષ રીતે અને લાંબાગાળે જ નૈતિક વિકાસ સાધે છે. ચિત્તમાં સતત ઘોળાતો વિચાર ધીમે ધીમે માનવના ચારિત્રની બાંધણી કરે છે અને તે નૈતિક વિકાસમાં મદદરૂપ થઈ શકે છે.

નીતિનાં પાઠ્ય પુસ્તકો અભ્યાસક્રમમાં રાખવાથી નૈતિકજીવન, ચેતનાનો જે વિકાસ થાય છે તે ન થતાં નૈતિક નિયમો યાંત્રિક, કૃત્રિમ અને કાયદાકીય જોગવાઈ જેવા લાગવા માંડે છે. નૈતિક જીવન આપણા આત્માની માંગ અને જરૂરિયાત છે, તે સત્ય અલોપ થઈ જાય છે.

નૈતિક સ્વરૂપનો વિકાસ સાધવા માટે ત્રણ વસ્તુઓ ઉપર ધ્યાન રાખવું પડે છે :

(૧) માણસની લાગણીઓ (૨) માણસનો સંસર્ગ અને સોબત (૩) માણસની પ્રકૃતિ અથવા ઘડાએલો સ્વભાવ.

આ ત્રણે વસ્તુ દ્વારા નૈતિક-વિકાસ સાધવો હોય તો નીચેની કાળજી લેવી પડે છે :

(૧) સાચી લાગણી સેવવાની ટેવ પાડવી

(૨) ઉત્તમમાં ઉત્તમ સોબત કરવી

(૩) મનને અને શરીરને સારી ટેવ પાડવી, અર્થાત્ લાગણીની અભિવ્યક્તિ સુસંસ્કૃત કરવી

(૪) મૂળ પ્રકૃતિનાં જન્મજાત વલણો છે તે શોધી કાઢવા (સ્વભાવજં) અને તે અનુસાર જ આચરણ રાખવાનો પ્રયત્ન કરવો.

બાહ્ય કઠોર શિસ્તથી, નૈતિક-જીવન નિર્માણ કરવાથી બાળકોને નૈતિક જીવન બાબત સૂગ ચડે છે અને તેઓ લાચાર થઈ નૈતિક જીવન જીવે છે પણ તે બહારથી જ. ખરેખર તેઓ દંભ કરતાં થઈ જાય છે. તેમનાં હૃદય અને તેમના સ્વભાવને જીતીને જ સાચાં નૈતિક-જીવનના પાઠ ભણાવી શકાય છે. ઘરમાં અને શાળામાં કઠોર શિસ્તને કારણે સામાજિક દંભ એ યુરોપીય સમાજનું એક મોટું દૂષણ બની ગયું છે. ભારતમાંનો ભ્રષ્ટાચાર એ પણ હાલના કેળવણીનું પરિણામ છે, જેમાં નૈતિક-શિક્ષણ જ અપાતું નહોતું. બાળક જેની તરફ અહોભાવ રાખે છે અને ઈષ્ટ ગણે છે તે જ સાચા દિલથી સ્વીકારીને ચારિત્ર્યનું અંગ બનાવી શકે છે.

મનની કેળવણી અને ચિત્તની (હૃદયની) કેળવણી બન્નેની પદ્ધતિ સરખી જ છે. ગુરુનું

જ્ઞાન અને પવિત્રતા જ બાળકોને નૈતિક-જીવનના પાઠ આપે છે, તેથી શિક્ષકની પોતાની જવાબદારી વધી જાય છે.

નૈતિક શિક્ષણનાં નિયમો અને પદ્ધતિ નીચે મુજબની હોવી જોઈએ :

(૧) વિદ્યાર્થીઓ ઉપર નૈતિક નિયમો ફરજિયાત લાદો નહિ, પણ સૂચન દ્વારા તેમને પોતાનો વિકાસ કરવા પ્રોત્સાહન આપો.

(૨) તેમને સારા પુસ્તકો વાંચવાં આપો, તેમાં રસ લેતા કરો.

(૩) દૃષ્ટાંત કથાઓ (પંચતંત્ર કે નીતિસારની) સંભળાવો.

(૪) સાહિત્યમાંના ઉદાત્તભાવ દર્શાવતા ફકરાઓ વાંચી સંભળાવો અથવા તેનું વાચન કરાવો.

(૫) પ્રેરણાદાયી જીવનચરિત્રનું વર્ણન કરો.

(૬) પ્રેરક ઐતિહાસિક ઘટનાઓ જણાવો.

(૭) પોતાની સંસ્કૃતિના ભવ્યભાવોની રજૂઆત કરો.

(૮) પ્રવાસ દરમિયાન સાંસ્કૃતિક સ્થળો દર્શાવી તેની મહત્તા વર્ણવો.

(૯) સત્સંગના કાર્યક્રમો ગોઠવો.

(૧૦) શિક્ષકના અંગત જીવનને પ્રેરણાદાયી બનાવો.

(૧૧) બાળકો સામે સાચા આર્યનો આદર્શ રાખો. સાચો આર્ય એ છે જે બાહ્ય-જીવનને સમૃદ્ધ બનાવવા બાહ્ય સાહસો ખેડે છે અને આંતર-જીવનને સમૃદ્ધ બનાવવા સાધનારૂપી આંતર આધ્યાત્મિક સાહસ ખેડે છે. 'અર' એટલે ખેડવું, તેની ઉપરથી આર્ય શબ્દ આવ્યો છે.

મનુષ્યમાત્રની પ્રમુખ ચાર પ્રકૃતિ ગણાવી છે, જેમને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કહે છે. જે પ્રકૃતિમાં જ્ઞાનપિપાસા હોય, પરિત્યાગ હોય, શુચિતા હોય, અંતર્મુખ પ્રકૃતિ હોય તે બ્રાહ્મણ. જેની પ્રકૃતિમાં દેશ અને સંસ્કૃતિ બાબત દેશભક્તિ હોય, હિંમત હોય, નિડરતા હોય, ઉત્સાહ હોય, વહીવટી ક્ષમતા હોય તે ક્ષત્રિય. જેની પ્રકૃતિમાં પરોપકાર વૃત્તિ હોય, વેપારી કુશળતા હોય, દાતૃત્વશક્તિ હોય તે વૈશ્ય અને જેની પ્રકૃતિમાં સમર્પણભાવ હોય, સેવાકીય વૃત્તિ હોય, સ્વામી-નિષ્ઠા હોય તે શુદ્ર. આ બધા જ આર્ય છે. શિક્ષકે બાળકને પોતાની પ્રકૃતિ ઓળખવામાં મદદરૂપ થવું જોઈએ, જેથી તે પોતાની પ્રકૃતિને અનુરૂપ આદર્શ-જીવનનું સ્વપ્ન સેવી શકે.

(૧૨) બાળકમાં ફક્ત સદ્‌ગુણો જ હોતા નથી પણ વારસાગત કે સોબત ને સંગતને કારણે વિકસેલા દુર્ગુણો પણ હોય છે. ખોટી ટેવો, ખોટા સંસ્કારોને શિક્ષકે શોધી કાઢી તેનો તે સ્વેચ્છાએ પરિત્યાગ કરે તેવી નીતિ અપનાવવી જોઈએ. તેના સારા ગુણોની પ્રસંશા અને દુર્ગુણોમાંથી તે જરૂર મુક્ત થશે તેવી તેમાં ક્ષમતા છે એવો આત્મવિશ્વાસ વધારવો જોઈએ. દુર્ગુણો સામે હિંમતથી સંઘર્ષ કરવા પ્રોત્સાહન આપવું જોઈએ. (પૃ.૩૯ ઉપર)

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## કાગજી પંડિત (પેજ - ૮૩-૮૪)

અમરોહા નામના ગામમાં કાગજી નામનાં કાગળ જેવાં પાતળાં અને નાજુક માટીનાં વાસણો બનાવે છે. તેની ઉપર ચાંદીની સુંદર નક્ષી હોય છે, પણ આ વાસણો ફક્ત શોભાની વસ્તુ છે, વાપરવાની નથી.

માણસો પણ કાગજી વાસણો જેવા હોય છે. દેખાવે સરસ પણ કસોટીમાં કડડભૂસ !

એક બ્રાહ્મણનો પુત્ર કાશી ભણી આવ્યો, પણ હતો પેલા 'કાગજી' વાસણ જેવો. ગામના લોકોને લાગ્યું કે આપણા ગામનો છોકરો મહાપંડિત બની ગયો છે, તેથી એક દિવસ તેમણે એક પુસ્તક પેલા પંડિતને આપ્યું અને તેમાંની વાત સમજાવવાની વિનંતી કરી.

પંડિતજીની આંખો ભરાઈ આવી. તેને કાંઈ જ વાંચતા આવડતું નહોતું. લોકોને લાગ્યું પંડિતજીએ પુસ્તકમાંનો કોઈ હૃદયસ્પર્શી પ્રસંગ વાંચ્યો લાગે છે.

''પંડિતજી, અમને પણ સમજાવો - શું આ ગ્રંથમાં લખ્યું છે ?''

પંડિત બોલ્યા, ''ત્યાં તો અક્ષરો મોટા મોટા હતાં અને પાટિયા પર વંચાવતા. અહીંના અક્ષરો તો બહુ જ નાના છે. વિચાર કરું છું આમ કેમ ?''

આવા બહારથી સંસ્કારી અને કસોટીકાળમાં ભાંગી પડનારા 'કાગજી' ભાઈ શું આપણે થવું જોઈએ ?

---

(પૃ.૩૮ ઉપરથી)

## રાષ્ટ્રીય શિક્ષણ

લોકો ધાર્મિક શિક્ષણનો નૈતિક શિક્ષણનો પાયો ગણે છે. પણ બાહ્ય આચાર તરીકે જ સ્વીકારેલું ધાર્મિક-જીવન સાચી નૈતિકતાને વિકસાવી શકતું નથી. માણસ વિભાજીત જીવન જીવે છે. ધર્મ જુદો અને વ્યવહાર જુદો એવી માન્યતા રાખતો થાય છે. બીજું ચોખાલિયાતપણું, ધર્માંધતા, દંભ, ક્રિયાકાંડને જ માનનાર મર્યા પછી સ્વર્ગ મેળવવાની ધૂનવાળો, તાંત્રિક હિંસાચાર કરનારો, જારણમારણમાં રસ લેનારો થઈ જાય છે. એ પણ વધારાનાં દૂષણો બની જાય છે. ખરેખર તો આત્મધર્મને અનુસરવું એ જ સાચું ધર્માચરણ છે. તે જ નૈતિક-જીવનને દૃઢ બનાવી શકે છે. બાળકોને આપણે આવું શિક્ષણ આપી શકાય છે.

માનવને પ્રભુને અર્થે, માનવતાને અર્થે, દેશને અર્થે, અન્યને અર્થે અને અંતે આ બધા દ્વારા વ્યક્ત થતા પરમ-આત્માને અર્થે જીવન ગાળતા અને જીવતા શીખવવું જરૂરી છે. પ્રભુને અર્થે જીવન સમર્પિત કરી પ્રભુને જ જીવનદ્વારા અભિવ્યક્ત કરવાં એ જ નૈતિક જીવનનો સાર છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ફેબ્રુઆરીનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

## એકાન્તનું આધ્યાત્મિક મહત્વ

**શું આપણા જીવનમાં આપણે ઘણી વખત સમજાય નહીં એવા એકલાપણાનાં હુમલામાંથી પસાર થતા નથી હોતા ? આ એક નૈસર્ગિક ઘટના છે, આધ્યાત્મિક સાધનામાં આંતરિક રીતે નિવૃત્તિના તબક્કા આવતા જ હોય છે. આપણી પ્રકૃતિ જ્યારે કોઈ સંરક્ષણ માટે ફાફાંમારતી થતી હોય છે ત્યારે જ સ્વરૂપનાં અન્ય ઘટકો વિદ્રોહ કરતા હોય છે અથવા સાથે ચાલવાનો પ્રયત્ન કરવા છતાં આવનારાં અવરોધોથી મોઢું છુપાવે છે અને આને કારણે વિસંવાદ આપણી પ્રગતિ ધીમી પાડી નાખે છે. આવે વખતે મન પોતાની યુક્તિ અજમાવે છે. 'જગતમાં રહીને પણ હું જગત અને સાધના બન્નેને સહજતાથી સાચવી શકું છું. મિત્રો પણ આ રાહે ચાલવા મદદરૂપ થશે. જેને હું પ્રેમ કરું છું, તેમનો પ્રેમ પણ મને મદદરૂપ થશે જ.'' મન તો ચબરાક છે ! આપણને સમજાવી દે છે.**

**પણ આ ભ્રાંતિને એક જ વિચાર ભાંગી નાખશે. તમે એકલા પ્રવાસ કરતા હો અથવા મિત્ર સાથે પ્રવાસ કરતા હો તો બન્નેનાં અનુભવો તદ્દન અલગ પડી જાય છે. તમે એકલા હો છો ત્યારે તમે અને તે સ્થળ જ હોય છે. તમે તમારી અનુભૂતિઓને સાંભળી શકો છો, માણી શકો છો. સાથે મિત્ર હશે તો તે અનુભવ નબળો પડી જશે. તમે કાંઈ સાંભળી કે અનુભવી નહીં શકો અથવા મિત્રોની હાજરીને કારણે જુદી રીતે અનુભવશો.**

**એકાંતમાં તમે સાંભળી શકો છો, અનુભવી શકો છો. કારણ તમે આંતરિક રીતે એકાગ્ર હો છો. આપણે સદા એકાંત જ સેવવો જોઈએ એવું મારે કહેવું નથી. પ્રભુ એકાંતની પળ આપે છે કારણ આપણે તેના શબ્દો સાંભળીએ અને તે મુજબ કાર્ય કરીએ.**

**શ્રી માતાજીના જન્મદિવસે એ માગણી કરીએ કે આપણે એકાંતમાં માતાજી સાથે ડગલાં ભરીએ અને માતાજીનો હાથ પકડીને પેલા સૂવર્ણમય સુરજ તરફ આગળ વધીએ.**

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## અશ્વમેધ - વિદ્યા

પ્રકરણ -૧૫

(બૃહદારણ્યક - ૧-૧-૨)

આપણે - 'પ્રજ્ઞાનં બ્રહ્મ'' આ પ્રકરણમાં મેધાનો અર્થ સમજી ચૂક્યાં છીએ. પ્રજ્ઞા એ આત્માની જ્ઞાનસ્વરૂપ શક્તિ છે. તેમાં હજી જગતમાં અપ્રગટ રહેલાં પ્રભુનાં સંકલ્પો (ૠતમ્)ને પણ જાણી લેવાની ક્ષમતા છે. મેધામાં આ પ્રજ્ઞા પડદા પાછળ રહીને કાર્ય કરે છે. મેધાને ધારણ કરેલ ચેતનાને 'મેધ્ય' કહેવામાં આવે છે. તેમાં આંતરપ્રેરણા અનુસાર યોગી કામ કરે છે. પણ તેનો હેતુની ઘણી વખત તેને ત્યારે ખબર હોતો નથી. પ્રભુની ઈચ્છા સમજીને તે કાર્ય કરી નાખે છે. યોગીની બુદ્ધિમાં જ્યારે પ્રજ્ઞા સક્રિય બની આંતરપ્રેરણા તરીકે પ્રગટ થાય છે ત્યારે તેને 'મેધા' કહે છે. આવી અવતરણની પ્રક્રિયા એ પ્રભુના વૈશ્વિક - યજ્ઞનો જ ભાગ હોય છે. આવી મેધા જ્યારે પ્રાણશક્તિ દ્વારા અર્થાત્ ભાવનાઓ દ્વારા પ્રગટ થાય છે, ઈચ્છાઓ દ્વારા પ્રગટ થાય છે, પ્રેરણાઓ દ્વારા પ્રગટ થાય છે ત્યારે તેને 'અશ્વમેધ યજ્ઞ' કહે છે; કારણ અશ્વ એ પ્રાણશક્તિનું પ્રતીક છે. મેધ એટલે અજ્ઞાનનો નાશ કરનાર તત્ત્વ.

અશ્વમેધ યજ્ઞની શરૂઆત ક્યારે થઈ એમ કહેવાય ? તો ૠષિ જણાવે છે કે જ્યારે મનમાં ધ્યાનાવસ્થા દરમિયાન આંતરઉજાશ પથરાવા માંડે છે ત્યારે અશ્વમેધ-યજ્ઞની શરૂઆત થઈ ચૂકી છે એમ સમજવું. આવા આંતરપ્રકાશના પથરાવાની અનુભૂતિને વેદોમાં 'ઉષા' કહે છે. ઉષા એટલે પરોઢ અથવા પ્રભાત. તે અશ્વમેધ યજ્ઞનો આરંભ છે. શિર છે. તે પછી મનમાં આંતરદર્શનો થવા લાગે છે ત્યારે સૂર્યોદય થયો એમ જાણવું. તેથી આંતરદર્શનને સૂર્ય કહ્યો છે, તે અશ્વમેધનો પ્રાણ છે. સ્થિરજ્યોતિનાં દર્શન, ચૈત્યપુરુષના દર્શન એ અગ્નિ છે. તે અશ્વમેધનું મુખ છે. ચૈત્યપુરુષના દર્શનને કારણે સનાતનતાનો સાક્ષાત્કાર થાય છે તે સંવત્સર છે. સંવત્સર એટલે આત્મતત્ત્વ જેવો જ ભાવ રચાવો. (સમ+વત્+સર) આત્માને સનાતનતાનો કાયમી ભાવ હોય છે, તેથી તે અશ્વમેધનો આત્મા મુખ્ય પ્રાપ્તિ છે. વીજળીના ઝબકારાનો અનુભવ (દ્યુલોક) એ અશ્વમેધની પીઠ છે અર્થાત્ એક અવાંતર, ગૌણ અનુભૂતિ છે. અવનવા ભાવી સૂચનો ભવિષ્ય દર્શન અથવા પૂર્વજન્મની ઘટનાઓનાં દર્શન એ અશ્વમેધનું ઉદર છે. આવા તો કેટલાએ દર્શનો મેધામાં સમાએલાં હોય છે. તેનો સંગ્રહ જ તેમાં હોય છે. આ ભૌતિક શરીર અશ્વમેધના પગ છે. અર્થાત્ આધાર છે, અધિષ્ઠાન છે.

સારાંશ મેધાજનનની પ્રક્રિયામાં આવતી વિવિધ અનુભૂતિઓને વિવિધ રૂપકો દ્વારા તેના અંગઉપાંગ તરીકે અહીંયા દર્શાવેલાં છે.

આગળ જતાં ૠષિ જણાવે છે કે આવા અશ્વમેધયજ્ઞને દેવો 'હય' કહે છે. ગંધર્વો 'વાજી'

કહે છે. અસુરો 'અર્વા' કહે છે અને માનવો 'અશ્વ' કહે છે.

દેવો માટે તે માનવ જેટલી મહત્ત્વની ઘટના હોતી નથી કારણ તેમના માટે તે સહજ વસ્તુ છે; તેથી તેને 'હય' કહે છે. હય ઉપરથી 'હેય' શબ્દ આવ્યો છે. હેય એટલે ગૌણ, ઓછા મહત્ત્વની ઘટના. ગંધર્વો માટે તે સંગીતની ધૂન તરીકે પ્રગટ થાય છે. સંગીતની પ્રેરણા તરીકે પ્રગટ થાય છે. ગંધર્વો તેને વાદ્યો દ્વારા પ્રગટ કરે છે તેથી વાદ્યોને 'વાજિંત્ર' પણ કહેવાય છે. 'વાજી' એટલે સંગીતની ધૂન.

અસુરો માટે તે અશ્વમેધ 'અર્વા' તરીકે પ્રગટ થાય છે. અર્વા એટલે નવીન ચમત્કારિક, આકર્ષક વસ્તુ. ફેશન, તે અસુરમાં નવી પ્રાપ્તિનાં રોમાંચ જગાડે છે. અહંકારને પોષવાનું અભિમાન લેવાનું નવું સાધન ઊભું કરે છે. અસુર તેને અર્વાચીન વસ્તુ તરીકે લોકોને દર્શાવે છે.

માનવો માટે અશ્વમેધ એક નવીન ક્ષમતા, શક્તિનો વિકાસ તરીકે અનુભવે છે તેથી તે તેને 'અશ્વ' કહે છે. અશ્વ એ શક્તિનું પ્રતીક છે.

આવી રીતે દિવ્યચેતનાવાળા દેવો, કલાત્મક ચેતનાવાળા ગંધર્વો, અદિવ્ય ચેતનાવાળા અસુરો અને મિશ્રચેતનાવાળા માનવો અશ્વમેધનું જુદી જુદી રીતે મૂલ્યાંકન કરે છે.

ઋષિ આગળ જણાવે છે કે અશ્વમેધ યજ્ઞની ઉત્પત્તિ થવાનું કારણ નીચે મુજબનું છે : પ્રજાપતિએ સૃષ્ટિસર્જન કરી તેની દ્વારા બ્રહ્મ-ચેતનાને પ્રગટ કરવાનો મહાન યજ્ઞ શરૂ કર્યો. તે માટે તેણે સંકલ્પ સેવવાનું તપ કર્યું, તેથી તેમાંથી પ્રેરણારૂપે પ્રાણ-શક્તિ નિર્માણ થઈ. તે વિશ્વવ્યાપી બની ગઈ, તેથી પ્રજાપતિને પોતાનું શરીર પણ ફૂલતું અને વિશ્વવ્યાપી બનતું લાગ્યું. તેમાં પ્રજ્ઞાની પ્રેરણાઓ પ્રગટ થવા લાગી, તેથી તે 'મેધ્ય' બન્યું. અશ્વ-શક્તિ એ પોતાનું મૂળ સ્વરૂપ ત્યાગી તે પ્રેરણા સ્વરૂપ બની. આ જ અશ્વનું બલિદાન ગણાયું.

આવો અશ્વમેધ સમગ્ર સૃષ્ટિમાં ચાલતો જ હોય છે. તે આપણી અંદર પણ ચાલતો જ હોય છે. ચેતનાના વિકાસ તરીકે પણ આપણે તે જાણતા હોતા નથી. તે બાબત સભાન બનવું, તેમાં મદદરૂપ થવું એટલે જ અશ્વમેધ યજ્ઞ કરવા બરોબર છે. આ જ અશ્વમેધ - વિદ્યા છે.

જ્યારે આ અશ્વમેધની સથવારે પ્રાણમય શરીર વટાવી, સૂક્ષ્મ શરીર વટાવી ભૌતિક શરીરનાં શારીરિક - કોષોમાં રૂપાંતરની પ્રક્રિયા શરૂ કરે છે ત્યારે નરમેધ યજ્ઞ શરૂ થયો એમ કહેવાય છે. નર એટલે આપણું ભૌતિક શરીર. જ્યારે આ ભૌતિક શરીર પણ કોષોના રૂપાંતરને કારણે દિવ્ય અતિમનસ શરીર બની જાય છે ત્યારે તે 'નર'નું બલિદાન થયું એમ ગણાય છે.

સાચા સાધકે આ જ જીવનમાં અશ્વમેધ અને નરમેધ યજ્ઞને પૂરો કરવો જરૂરી છે, ત્યારે જ ધર્મમેધ યજ્ઞની શરૂઆત થાય છે. શરીરધર્મનો નાશ અને આત્મતત્ત્વની અભિવ્યક્તિ એ જ ધર્મ - મેધ છે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક સૂકતો
## નાસદીય સૂક્ત (ચાલુ)
(પ્રકરણ-૩)

**(૩) તમ આસીત્તમસા ગુળહમગ્રે ડ પ્રકેતં સલિલં સર્વમા ઈદં તુચ્છયેનાભ્વપિહિતં યદાસીત્ તપસસ્ત ન્મહિના જાય તૈકમ્॥**

પહેલા (અગ્રં) જાણે ત્યારે અચલ ચેતનાને અચલચેતના એ જ ઢાંકી રાખી હતી. અચલ ચેતના જડ તમસ જેવી લાગવાથી જાણે તમસે તમસને ઢાંકેલું હતું (તમ આસીત્ તમસા ગુળહમ (ગુહ્યં) કોઈ સંકેત જણાતો નહોતો. (અપ્રકેતં) બધે જ નિરાકાર પાણી જેવી નિરાકાર ચેતના ફેલાએલી હતી. (સલિલં સર્વમ્ આ ઈદં) આ બધું જ તુચ્છ એવા તમસથી (તુચ્છયેન) બધી તરફથી (આભુઃ) એ ઢંકાએલું હતું. (અપિહિતં આસીત્) તે પછી પેલાં આદિસંકલ્પ સ્વરૂપ મહાન તપથી (મહિના તપસઃ તત્) એક પ્રકાશ - શક્તિનો જન્મ થયો (અજાયત્ એકમ) (શ્રી અરવિન્દ આને અતિમનસ તેજ કહે છે, અતિમનસ શક્તિ કહે છે)

**(૪) કામસ્તદગ્રે સમવર્તાધિ મનસો રેતઃ પ્રથમં યદાસીત્ । સતો બંધુમસિ નિરવિંદન્ હૃદિ પ્રતીષ્યા કવયો મનીષા॥**

મનસ્તત્ત્વનું પણ સાર સ્વરૂપ પ્રથમ અતિમનસ અર્થાત્ દિવ્યમનસ્તત્ત્વ જે છે (મનસો રેતઃ પ્રથમં યદ આસીત્) તેમાં તે પ્રભુનો સંકલ્પ પહેલાં પ્રગટ થયો (તદ્ કામં અગ્રે સમવર્તતાધિ) તેમાંથી જ સત્ અને તેનો ભાઈ અસત્ આ જોડિયા ભાઈઓ નિર્માણ થયાં. (સતો બંધું અસિ) સમાધિમાં રહેનારાં કવિ અને મનિષિ એવા ઋષિઓએ (કવિમનિષા) પોતાના હૃદયમાં આ બધું અનુભવી (હૃદિ પ્રતીષ્યા) તેનું વર્ણન કરેલ છે (નિરાવિંદત્).

**(૫) તિરશ્ચીનો વિતતો રશ્મિરેષામ્ અધઃ સ્વિદાસીદુપરિ સ્વિદાસીત્ । રેતોધા આસન્મહિમાન આસન્ ત્સ્વધા અવસ્તાત્ પ્રયતિઃ પરસ્તાત્॥**

આ અતિમનસ પ્રકાશનાં પ્રકાશ કિરણો (રશ્મિઃ એષામ્) વિકૃત થઈને (તીરશ્ચીનો) નીચે ફેલાએલાં છે (વિતતો) (તેમજ ઊર્ધ્વમાં અવિકૃત થઈને ફેલાએલાં છે) નીચે શા માટે ફેલાએલાં છે ? (અધઃ સ્વિદાસીત્) ઉપર શા માટે ફેલાએલાં છે ? (ઉપ સ્વિદાસીત્) કારણ તેમણે સત્યને, ઋત્‌ને ઉપર ઊર્ધ્વમાં પ્રગટ રીતે અને નીચે અપ્રગટ રીતે ધારણ કરી રાખેલાં છે (રેતોધાઃ આસન્) વળી તેમણે પ્રભુની મહાન અતિમનસ શક્તિ પણ, દિવ્ય-

શક્તિ પણ, ગુપ્ત અને પ્રગટરૂપે ધારણ કરી રાખેલી છે (મહિમાન આસન) તે પ્રકાશ અને શક્તિ સ્વરૂપ અતિમનસ નીચે અવતરણ પામેલાં (અવસ્તાત્) ચૈત્યપુરુષે અર્થાત્ જીવે ધારણ કરી રાખેલી છે (સ્વ ધા) અને તેને પોતાની પ્રકૃતિને રૂપાંતરિત ફરી ઊર્ધ્વમાં પ્રયાણ કરવાનો પ્રયત્ન કરે છે (પ્રયતિઃ - પરસ્તાત્)

**(૬) કો અદ્ધા વેદ કે ઈહ પ્રવોચત્ કુત આજાતા કુત ઈયં વિસૃષ્ટિઃ । અર્વાગ્દેવા અસ્ય વિસર્જનેનાથા કો વેદ યત આબભૂવ ॥**

કોણ આ બધું જાણે છે (કો અદ્ધા વેદ) તે બાબતમાં કોણ અહીં આપણને બધું સમજાવી શકે ? (ક ઈહ પ્રવોચત્) આ સમગ્ર જગત ક્યાંથી આવ્યું ? (કુત આજાતા) ક્યાંથી આ વિકૃત સૃષ્ટિ નિર્માણ થઈ (કુત ઈયં વિસૃષ્ટિ), દેવો પણ આ બાબતમાં અવાચક બની જાય છે (અર્વાક દેવા), આ દિવ્યમને અતિમનસ શક્તિઓ પોતે અવ્યક્ત બનવાથી (અસ્ય વિસર્જનેન) જે આ વિકૃત જગત નિર્માણ થયું (યત-આબભૂવ) તેનું કારણ શું એ કોણ જાણી શકે ? (અર્થાત્ કોઈ જાણી શકતું નથી તે બૌદ્ધિક રીતે સમજાવવું મુશ્કેલ છે.)

**(૭) ઈયં વિસૃષ્ટિ ર્યત આબભૂવ યદિ વા દધે યદિ વા ન । યો અસ્યાધ્યક્ષઃ પરમે વ્યોમન્ સો અંગ વેદ યદિ વા ન વેદ ॥**

આ વિકૃત જગત જે રીતે નિર્માણ થયું (ઇયં વિસૃષ્ટિ ર્યત આબભૂવ) અને તે જો દિવ્યમને અતિમનસે ધારણ કરેલી છે (યદિ વા દધે) અથવા નથી ધારણ કરી (યદિ વા ન) આ વિકૃત સૃષ્ટિને સાક્ષીભાવે જોતો અક્ષરપુરુષ અથવા અચલ બ્રહ્મ જે મસ્તકની ઉપર દસ આંગળ ઊર્ધ્વમાં રહી સંચાલન કરે છે. (અધ્યક્ષઃ પરમે વ્યોમેન્) તે પણ આ બાબતનું આંશિક સત્ય જ જાણે છે (અંગં વેદ) અથવા તેટલું પણ નથી જાણતો (યદિ વા ન વેદ)

(ફક્ત પુરુષોત્તમ ચેતના જ સમગ્ર સત્ય જાણે છે અર્થાત્ પ્રકૃતિથી મુક્ત થઈ સાક્ષી પુરુષ તરીકે રહેવું એ પણ અધૂરું જ જ્ઞાન છે. પણ પ્રકૃતિનું દિવ્ય-પ્રકૃતિમાં રૂપાંતર કરીને તેને આત્મતત્ત્વનો અંશ બનાવી 'કેવલ્ય' અવસ્થા કરવી જેમાં કેવળ બ્રહ્મ તત્ત્વ જ સાકાર-નિરાકાર, સક્રિય-નિષ્ક્રિય, સુગુણ-નિર્ગુણ તરીકે રહે છે. કેવળ એક જ તત્ત્વ રહે છે. તેવી અવસ્થામાં જ સૃષ્ટિ સર્જનનું પૂરેપૂરું રહસ્ય પ્રગટ થાય છે. પરંપરાગત યોગો સાંખ્યના પુરુષપ્રકૃતિ ભેદના સાક્ષાત્કારની અવસ્થાને જ અંતિમ - અવસ્થા અને સત્ય ગણે છે જ્યારે ગીતા અને શ્રી અરવિન્દ ત્યાંથી આગળ વધીને પુરુષ પ્રકૃતિની એકરૂપતા રૂપી પૂર્ણયોગને વરેલાં છે. ગીતા જેને યોગનિષ્ઠા કહે છે તે જ શ્રી અરવિન્દનો પૂર્ણયોગ છે.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

**અવતરણો** (Integral Healing પૃ.૧૧-૧૯)

1 I put a value on the body.... as a centre of manifested personality..... a basis of spiritual life.... P.11

2 .... for me the body as well as the mind and life is a part of the Divine Whole... P.11

3 The way of Yoga followed here has a different purpose of that divine consciousness down into ignorance of mind, life and body..... P.11

4 The effect of the descent of higher - consciousness, into the most physical.... It brings light, consciousness, force, Ananda into the cells and all the physical movements. P.12

5 As a result of this... will effectuate the Spiritualisation, Perfection, and fulfilment of the physical being. P.12

6 There is too, an obscure mind of the body... of the very cells - P.13

7 There is consciousness in the cells, it is what we call the 'body consciousness.' P.13

8 One has to struggle with this collective suggestion..... which belongs to the earth consciousness as a whole. P.13

9 As you descend into..... the domain of cells..... this sort of heaviness of Matter disappears..... It begins to be fluid, vibrant. P.13

10 ..... inertia, immobility, is something added. P.14

11 The force that comes down into one..... its results vary according to the nature that receives it. P.14

12 The whole world is in a process of progressive transformation. P.14

13 Illness is always... the incapacity to sustain the movement of transformation. P.16

14 Every disease has its own vibratory mode. P.16

15 .... there is a part of being..... eighter mental or vital or sometimes

even physical that has..... much aspiration. P.16

16 You have been told: "Have faith, be of a goodwill and you will be protected." P.17

17 ..... Just a lack of receptivity..... that is unable to receive the force..... that produces a great imbalance. P.17

18 The possibilities of illness are always there in your body and around you..... It (disease) comes from some disharmony in the being.

19 Are illnesses tests of the Yoga ? .... Not at all.... it is a proof of the Divine Grace to help them to progress. P.19

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પૂર્ણયોગમાં શરીરનું મહત્ત્વ

પ્રકરણ - ૨

દિવ્ય-શક્તિઓ શરીરની તંદુરસ્તી માટે વાપરવામાં કોઈ વાંધો ન હોઈ શકે, કારણ શરીર સાધનાનું ભૌતિક સાધન (ધર્મસાધનમ્) છે. પૂર્ણયોગ તેને વ્યક્તિ ચેતનાનું આવિર્ભાવ કેન્દ્ર ગણે છે. મન, પ્રાણ અને શરીર પણ પ્રભુની સમગ્રતાનાં અંશ સ્વરૂપ જ છે. શરીર એ ઈશાવાસ્ય - પ્રભુના વસવાટનું ધામ છે. આત્મતત્ત્વે શરીર દ્વારા પોતાને પૂર્ણરૂપે પ્રગટ કરવો જ જોઈએ.

પૂર્ણયોગનો હેતુ અન્ય યોગપ્રણાલીઓ કરતાં થોડોક જુદો અને વધારે વિશાળ છે. તેમાં ફક્ત અજ્ઞાનમય ચેતનામાંથી ઉપર ઊઠીને દિવ્ય-ચેતનામાં આરોહણ માત્ર કરવાનું નથી પણ તે દિવ્ય-ચેતનાને - અતિમનસ શક્તિને, નીચે મન, પ્રાણ, શરીરનાં અજ્ઞાનમય સ્વરૂપમાં ઉતારી, તેમનું રૂપાંતર કરી, આ ભૌતિક જીવનમાં પણ દિવ્ય-જીવનનું સર્જન કરવાનું છે.

તેનાં પરિણામો જ્યારે દિવ્ય-ચેતના તદ્દન ભૌતિકમાં અવતરણ પામે છે, ત્યારે નીચેનાં પરિણામો દેખાય છે :

૧ તે શરીરનાં કોષોમાં પ્રકાશ, ચેતના, દિવ્ય-શક્તિ અને આનંદનો અનુભવ કરાવે છે.

૨ તેના પરિણામે શરીર વધારે ને વધારે સભાન, એકાગ્ર, જાગૃત બની વર્તનમાં

સત્યનો આગ્રહ રાખતું થાય છે.

૩ તે ઊર્ધ્વમાંના સંકલ્પોને સભાન રીતે અનુસરવા માંડે છે અથવા સહજ રીતે ચેતનાની શક્તિ દ્વારા દિવ્ય-જીવનને અનુરૂપ થવા માંડે છે.

૪ જે અસત્ય છે તેનું નિયંત્રણ કરી ત્યાં સત્યની સ્થાપના કરવું સહેલું થઈ જાય છે. અસત્ય એટલે માંદગી, વેદના, તાણ, અવસાદ, વિકારો વગેરે.

૫ બાહ્ય ઘટનાઓ ઉપર પણ સંકલ્પ બળે નિયંત્રણ લાવી શકાય છે.

**શરીર અને ચેતનાનો સંબંધ**

આને કારણે શરીર અને ચેતનાના સંબંધમાં ધરમૂળ ફેરફાર થાય છે. આને કારણે દિવ્યચેતનાની ઉત્ક્રાંતિના પરિણામ સ્વરૂપ પાર્થિવ-સ્વરૂપનું દિવ્યીકરણ, પરિપૂર્ણતા અને તેના સત્યનો સાક્ષાત્કાર થાય છે... તેના હેતુને સાધ્ય કરાય છે. શરીર પોતાની નબળાઈઓ, અણસમજણ, અને મર્યાદાઓમાંથી મુક્ત થાય છે. પાર્થિવ - ચેતના આત્માની મૂક - સેવક છે. વ્યક્તિ જીવનનું દિવ્ય સક્ષમ સાધન છે એ પૂરવાર થાય છે. તે આપણી પાસેથી સાતત્ય, નિરામયતા, પૂર્ણતા, આનંદ, વેદનામાંથી મુક્તિ શા માટે માંગે છે તેનું રહસ્ય આપણને સમજાશે. આ માગણી-વિરોધી ઘટનાઓ આપણી પાર્થિવ-ચેતના ઉપર પડતા બાહ્ય બળોને કારણે નિર્માણ થાય છે અને તેનું કારણ અજ્ઞાન છે - તે બળોનો સામનો કરવાની રીત ખબર નથી એ જ છે.

**શારીરિક - મન અને ભૌતિક પદાર્થનું સત્ય સ્વરૂપ**

આપણા શારીરિક કોષોનું પોતાનું એક અલગ શારીરિક - મન છે. જર્મન ભૌતિકવાદી હેકલ અણુમાંના સંકલ્પ - શક્તિની વાત કરે છે. આજનું વિજ્ઞાન અણુમાં થતાં અસંખ્ય ફેરબદલો એ તેમાં રહેલ ગુપ્ત વાસ્તવિકતાનું પરિણામ છે એમ બોલવા માંડ્યું છે. શારીરિક - મન એ એક અનુભવ કરી શકાય એવી વાસ્તવિકતા છે. તે યંત્રવત્ જૂનાં વર્તન - પ્રકારોને વળગી રહે છે. અતિમનસને શરીરનાં રૂપાંતરમાં આ જ મોટો અવરોધ છે. પણ એક વખત જરૂરી રૂપાંતર લાવતાં જ તે તેને વળગી રહેવાથી તે જ અતિમનસ પ્રકાશ અને શક્તિને ત્યાં સ્થિર થવામાં મદદરૂપ બનવાનું છે.

કોષોમાં પણ ચેતના છે જ, જેને આપણે શારીરિક - ચેતના કહીએ છીએ. સમાજમાંથી અને પ્રત્યક્ષ શારીરિક - કોષોમાંથી આવતા સામૂહિક-સૂચનોને કારણે તેને રૂપાંતરિત કરવી ખૂબ જ મુશ્કેલ જાય છે. આ સામૂહિક-સૂચનો પૃથ્વીની ચેતનામાં અનંતકાળથી સંગ્રહાએલાં છે. તેમનો પણ સામનો કરવો જરૂરી છે, ત્યારે જ કોષો પાર્થિવ તત્ત્વની સનાતનતાનો સાક્ષાત્કાર કરી શકાશે.

**કોષોમાંનો અનુભવ**

જ્યારે આપણે કોષોની રચનાનાં ક્ષેત્રમાં પ્રત્યક્ષ પ્રવેશીએ છીએ ત્યારે ત્યાં જડતાનો અનુભવ થતો નથી. પણ તે પ્રવાહી અને સતત આંદોલિત થતાં લાગે છે. આનો અર્થ

જડતા, ચેતન-વિહીનતા, અચેતનતા એ પાછળથી નિર્માણ થએલી વસ્તુ છે એ સ્પષ્ટ થાય છે.

**આંતરિક રૂપાંતર અને શારીરિક - વિરોધ**

સાધકમાં અવતરણ પામતી દિવ્ય-શક્તિ સાધકની પ્રકૃતિ અનુસાર પોતાનો માર્ગ, કાર્યપદ્ધતિ, સમયગાળો, તબક્કાઓ ગોઠવે છે જે મુજબ

૧ જે તત્ત્વો તૈયાર છે તેમનું રૂપાંતર પહેલા હાથમાં લે છે.

૨ સાધક ગ્રહણશીલ હોય તો તેનું મન ઝડપથી વિકસવા માંડે છે.

૩ શરીરમાં આ શક્તિ અમુક કક્ષા સુધી જ શરૂઆતમાં કાર્ય કરે છે.

૪ પ્રાણ તૈયાર હોય તો તેમાં ઝડપી સુધારો થાય છે.

૫ ઘણી વખત એક તત્ત્વમાંનો ફેરફાર સમગ્ર સ્વરૂપમાં ઈતર તત્ત્વો સાથે વિસંવાદ નિર્માણ કરે છે જે માંદગી તરીકે પ્રગટ થાય છે. આ વસ્તુ ગાંડપણ સુધી પણ જઈ શકે છે. તે તત્ત્વ અથવા શરીરમાં જણાતી ગરમી તરીકે પણ અનુભવાય છે.

વ્યક્તિની જેમ સમગ્ર જગતમાં પણ આ જ રીતે રૂપાંતરની પ્રક્રિયા આગળ વધી રહી છે.

**વિસંવાદ અને માંદગી**

વ્યક્તિમાંના અન્ય વિકસિત તત્ત્વો ઝડપથી રૂપાંતર પામે છે પણ શરીર તમોગ્રસ્ત હોવાથી તેટલી ઝડપ પકડતું નથી. આંગળી પકડી ચાલતા નાના બાળક સાથે મોટી વ્યક્તિને જેમ ગોઠવવું પડે છે તેમ જ બીજા તત્ત્વોને પણ વર્તવું પડે છે. પણ થોડો ઘણો વિસંવાદ આંતરિક ચેતના અને શરીરમાં પડી જ જાય છે, તેથી સાધકો માંદા પડતા દેખાય છે.

સામાન્ય જીવનમાં તો આવો વધતો જતો વિસંવાદ જ દેખાય છે. ઘણી વખત આ વિસંવાદ મૃત્યુને નોતરે છે. આમ આંતરિક અને બાહ્ય રૂપાંતરની પ્રક્રિયાને સંવાદમાં ગોઠવવા માટે ખૂબ જ સજાગતાની જરૂર છે. માંદગી એ રૂપાંતરના કાર્યમાંને અવરોધ સ્વરૂપ હોય છે. દરેક રોગનાં પોતાનાં આંદોલનો હોય છે જે સુધારવા જરૂરી છે.

જે યોગ તરફ વળે છે તે સાધકનો કોઈ માનસિક, પ્રાણમય કે શારીરિક ભાગ યોગ કરવા ઈચ્છતો હોય છે. બીજા ભાગોની આવી ઊર્ધ્વગતિ હોતી નથી. સારી રીતે ચાલતા મશીનમાં નાનકડી કાંકરી પણ અવરોધ નિર્માણ કરે છે તેમ એક તત્ત્વના નાનકડા અંશની અગ્રાહકતા રૂપાંતરને અવરોધે છે. બીજે દિવસે તમે માંદા પડો છો.

રોગ જંતુઓ સર્વત્ર છે છતાં બધાં જ માંદા પડતાં નથી, તેથી તેઓ નિમિત્ત હોવા છતાં સાચું કારણ આપણા સ્વરૂપમાંની વિસંગતતા જ છે. રોગો યોગની પરીક્ષા લેવા નિર્માણ થતાં નથી. દરેક વસ્તુને પ્રગતિનો મોકો સમજો. વધારે સાધના કરો. સમર્પણને વધારી મૂકો.



**શ્રી અરવિન્દ**

માનવવંશ પ્રબોધકઃ, વિશ્વમંગલ કારકઃ ।
જરા - મૃત્યુ વિનાશકઃ, દિવ્ય - દેહ સુસર્જકઃ ॥



## વામનાવતાર

ચૈત્યપુરુષ ચિતમાં વસે, નિષ્ક્રિય ને સુષુપ્ત,
એ તેનું વામન - રૂપ ગણ્યું, એ છે બટુસ્વરૂપ.

તન, મન, પ્રાણે,ત્રિ - પદ ભરે, જો તત્ત્વો સંમત થાય,
બલિરાજાની આ કથા કહે, જે યોગ - ક્રિયાનો સાર.

(વામન એટલે વામણો, નિષ્પ્રભ. મન, પ્રાણ, તનને અપાય ન થાય તે માટે તે વામણો બને છે એ પણ તેની પરમકૃપા છે : બલિ સમર્પણનું સ્વરૂપ છે. સ્વૈચ્છિક સમર્પણની ચૈત્યપુરુષ માગણી કરે છે.)


**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH